Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

REGISTERED No. B. 156.

श्री

# જૈનધર્મ પ્રકાશ

ये जीवेषु दयालवः स्पृशति यान् स्वल्पोपि न श्रीमदः
श्रांता ये न परोपकारकरणे हृष्यंति ये याचिताः ।
स्वस्थाः सत्स्वपि यौवनोदयमहाव्याधिप्रकोपेषु ये
ते लोकोत्तरचारुचित्रचरिताः श्रेष्ठाः कति स्युर्नराः ॥

"જે જીવોને વિષે દયાળુ છે, જેને દ્રવ્યનો મદ સ્વલ્પ પણ સ્પર્શ કરતો નથી, જે પરોપકાર કરવામાં થાકતા નથી, જે યાચના કર્યા સતા ખુશી થાય છે, યૌવનના ઉદયરૂપ મહાવ્યાધિનો પ્રકોપ થયે સતે પણ જે સ્વસ્થ રહે છે; એવા લોકોત્તર આશ્ચર્યકારી મનોહર ચરિત્રવાળા શ્રેષ્ઠ કેટલાક જ મનુષ્યો હોય છે અર્થાત્ બહુ અલ્પ હોય છે."

સુક્તમુક્તાવલિ.

પુસ્તક ૨૮ મું. માગશર. સંવત્ ૧૯૬૯. શાકે ૧૮૩૪. અંક ૯ મો.

પ્રગટ કર્તા.

શ્રી જૈનધર્મ પ્રસારક સભા. ભાવનગર.

अनुक्रमणिका.

૧ વૈરાગ્યશતક ( સમશ્લોકી ) ... ... ... ... ... ૨૬૧
૨ પંચમ ષોડશક... ... ... ... ... ... ... ૨૬૪
૩ ષોડશકોમાંથી ઉદ્ભવેલા પ્રશ્નોત્તરો. ... ... ... ૨૬૭
૪ ઉપદેશ તરંગિણીમાંથી ઉદ્ભવેલા કેટલાક પ્રશ્નોત્તરો... ... ... ૨૭૨
૫ વનસ્પતિમાં જીવત્વ. ... ... ... ... ... ... ૨૮૦
૬ ઉન્નત દશા મેળવવાનો કુદરતી ઉપાય. ... ... ... ... ૨૮૫
૭ શ્રી સંઘને આમંત્રણ. ... ... ... ... ... ... ૨૯૦
૮ ઘોળેરામાં ઇનામનો મેળાવડો. ... ... ... ... ... ૨૯૧
૯ વાળાકુંચી. ... ... ... ... ... ... ... ૨૯૨
૧૦ સિદ્ધાચળ ઉપર મૂળનાયકજીની પૂજા. ... ... ... ... ૨૯૩

શ્રી "સરસ્વતી" છાપખાનું—ભાવનગર.

મૂલ્ય રૂ. ૧) પોસ્ટેજ રૂ. ૦-૪-૦ ભેટ સાથે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સભા તરફથી હાલમાં તૈયાર થયેલા ગ્રંથો.

૧ શ્રી કર્મગ્રંથ ટીકા વિભાગ ૨ જો. (પ્રાચીન–દશ કર્મગ્રંથ તથા સંસ્કૃત ૪ કર્મગ્રંથ)
૨ શ્રી પંચાશક. ટીકા સહીત.
૩ શ્રી પરિશિષ્ટ પર્વ. સવિસ્તર પ્રસ્તાવના સાથે.
૪ શ્રી પ્રમેયરત્નકોષ, ન્યાયનો લઘુ પણ ઉપયોગી ગ્રંથ
૫ શ્રી જ્ઞાનસાર સટીક. ( શ્રી યશોવિજયજી ઉપાધ્યાય કૃત ૩૨ અષ્ટક )
૬ શ્રી ધનપાળ પંચાશિકા સટીક. અર્થ યુક્ત.

## હાલમાં છપાતા ગ્રંથો.

૭ શ્રી પઉમ ચરિયમ્ ( માગધી–અપૂર્વ ગ્રંથ ).
૮ શ્રી કમ્મપયડી. શ્રી મલયગિરિજી કૃત ટીકાયુક્ત.
૯ શ્રી શાંતસુધારસ. પં. ગંભીરવિજયજીગણિ કૃત ટીકાયુક્ત.
૧૦ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર સંસ્કૃત ગદ્યબંધ.
૧૧ શ્રી આનંદઘનજીના ૫૦ પદો. વિવેચન યુક્ત.
૧૨ શ્રી કુવલયમાળા ભાષાંતર. ( અત્યંત રસીક કથા )
૧૩ શ્રી પ્રકરણો વિગેરેના સ્તવનાદિકનો સંગ્રહ ( બીજી આવૃત્તિ )
૧૪ તત્ત્વ વાર્ત્તા અને લક્ષ્મી સરસ્વતીનો સંવાદ ( ગ્રાહકોને ભેટ આપવા માટે )

## ( તૈયાર થયેલા ગ્રંથો. )

૧૫ શ્રી અધ્યાત્મસાર ટીકા. પં. ગંભીરવિજયજી કૃત.
૧૬ શ્રી અધ્યાત્મસાર સટીકનું ભાષાંતર.
૧૭ શ્રી ઉપદેશ પ્રાસાદના ૬ સ્થંભ મૂળ.

## ( તૈયાર થતા ગ્રંથો. )

૧૮ શ્રી ઉપમિતિભવપ્રપંચા કથાનું ભાષાંતર.
૧૯ શ્રી હેમચંદ્રાચાર્ય ચરિત્ર.
૨૦ શ્રી પરિશિષ્ટ પર્વનું ભાષાંતર.

ઉપર જણાવેલા પ્રથમના ૭ ગ્રંથો પૈકી કર્મગ્રંથ વિભાગ ૨ જો અને પ્રમેયરત્નકોષ તથા ધનપાળ પંચાશિકા બહાર પડેલ છે. બાકીના ત્રણ ગ્રંથો પણ તૈયાર થઈ ગયા છે. ફકત પાટલીઓ થવા માટે અને બંધાવવા માટે બાકીમાં છે. ૭–૮–૧૧ નંબરવાળા ગ્રંથો કોઈપણ ગૃહસ્થની સહાય શિવાય છપાવવા માંડેલ છે. જ્ઞાનદાન દેવાના ઈચ્છક ઉદાર દિલવાળા ગૃહસ્થોએ ઇચ્છા જણાવવી. આવા તૈયાર ગ્રંથો મળવા મુશ્કેલ છે અને શુદ્ધ કરીને છપાવી આપવાનું પણ તેટલુંજ મુશ્કેલ છે.

---

## ગ્રાહકોને સૂચના.

તત્ત્વવાર્ત્તા અને લક્ષ્મી સરસ્વતીના સંવાદવાળી બુક છપાઈને તૈયાર થશે એટલે તે અને ધનપાળ પંચાશિકા બંને બુકો ભેટ તરીકે મોકલવામાં આવશે. આગામી ભેટ માટે પણ એક અત્યંત રસિક બુક તૈયાર થાય છે. પ્રસંગોપાત જાહેર કરશું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन धर्म प्रकाश.

तत्र च गृहस्थैः सद्भिः परिहर्तव्योऽकल्याणमित्रयोगः, सेवितव्यानि कल्याणमित्राणि, न लङ्घनीयोचितस्थितिः, अपेक्षितव्यो लोकमार्गः, माननीया गुरुसंहतिः, भवितव्यमेतत्तंत्रैः, प्रवर्तितव्यं दानादौ, कर्तव्योदारपूजा भगवतां, निरूपणीयः साधुविशेषः, श्रोतव्यं विधिना धर्मशास्त्रं, भावनीयं महायत्नेन, अनुष्ठेयस्तदर्थो विधानेन, अवलम्बनीयं धैर्यं, पर्यालोचनयायतिः, अवलोकनीयो मृत्युः, भवितव्यं परलोकप्रधानैः, सेवितव्यो गुरुजनः, कर्तव्यं योगपट्टदर्शनं, स्थापनीयं तद्रूपादि मानसे, निरूपयितव्या धारणा, परिहर्तव्यो विक्षेपमार्गः, प्रयतितव्यं योगशुद्धौ, कारयितव्यं भगवद्भुवनबिम्बादिकं, लेखनीयं भुवनेशवचनं, कर्तव्यो मङ्गलजपः, प्रतिपत्तव्यं चतुःशरणं, गर्हितव्यानि दुष्कृतानि, अनुमोदयितव्यं कुशलं, पूजनीया मंत्रदेवताः, श्रोतव्यानि सच्चेष्टितानि, भावनीयमौदार्यं, वर्तितव्यमुत्तमज्ञातेन, ततो भविष्यति भवतां साधुधर्मानुष्ठानभाजनता ॥ उपमितिभवप्रपञ्चा कथा.

પુસ્તક ૨૯ મું. માગશર. સં. ૧૯૬૯. શાકે ૧૮૩૪. અંક ૯ મો.

ॐ अर्हं नमस्तत्त्वज्ञाय.

## वैराग्य शतक.

### समश्लोकी.

( લેખક–માવજી દામજી શાહ. )

(અનુસંધાન પૃષ્ટ ૨૩૧ થી.)

મ્હોટા સ્કંધથકી ધરે નહિ ધુર, ચારિત્ર ગંત્રી વડે,
મ્હોટી પીઠવડે ધરે નહિ અરે ! ઉંચો દયા ભાર એ !
મિથ્યાત્વે પગ આહુતિ થકી અરે ! તું ઠેલતું કાં નહિ ?
જેવો અંકિત સાંઢ નિત્ય ભટકે રે ! ચિત્ત એવું મહિં. ૪૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પામ્યા સત્કુલવંશમાં જનમને, નિર્દોષ રત્ને સમાં,
નિરોગાદિ સમસ્ત યોગ પણ એ પુન્યેજ પામ્યા છતાં;
લીધું તત્ત્વ ન કાંઇ આળસથકી રે ! મુક્તિમાટેજ તેં,
રે ! રે ! જીવ ! તું એ'થી દુઃખ વિષયે સંસારચક્રે ભમે. ૪૭

રે ! રે ! ક્રોધ નહિં હણ્યો, દૂર કર્યો રે ! માનને મેં નહિં,
માયાને ન હણી હતાશ ! વળી મેં એ લોભ મૂક્યો નહિં;
તે ! અત્યંત જ કૂટ ચિત્ત વશથી રે ! સ્વાંત ખોયું હવે,
તેં હાથે કરી મેળવેલ ફળ એ માનુષ્ય કલ્પોદ્ભવે. ૪૮

રે ! રે ! બાળપણું ગુમાવ્યું સઘળું મોહાંધકારે કરી,
ને એ યૌવન સ્ત્રી અધીન થઇને ભોગો અરે ! ભોગવી;
ઇન્દ્રિયો બળહીનતાથી ક્ષયથી રે ! એમ વૃધ્ધાપણું,
રે ! રે ! કષ્ટથી મેળવ્યું પણ ગયું અંતે મનુષ્યપણું ૪૯

જે સારૂ જલધિનું લંઘન કરે, દુષ્ટાટવીમાં ભમે,
મિત્રોને ઠગતો, વિલુંપન કરે, બોલ્યું ન પાળે ક્રમે;
શું તે લક્ષ્મી કદાપિ જોઇ જગમાં કોઇ ઘરે શાસ્વતી,
રે! રે! ચંચલ ચિત્ત ! વિત્ત વિણતું સર્વત્ર રહે એ મતિ. ૫૦

મિથ્યાજ્ઞાન ગિરિતટે કદી અને ક્યારે સ્મરમંદિરે,
માયાવૃક્ષતળે કદાપિ, કદી તો નિંદાનદીના તટે;
મોહવ્યાઘ્ર ભયે ભમે હરિણવત્ સંસાર ઘોરાટવી,
રે! રે! સત્વર દોડતું મન! અરે! મ્હારૂં મહા કષ્ટથી. ૫૧

સચ્ચારિત્ર પવિત્ર કાષ્ઠથી બની શીલધ્વજા શોભિતી,
ગુર્વાજ્ઞા સદ્દોરથી મઢી લઇ સદ્બોધ નોકા બની;
તું તે'થી તર ! મોહમત્સ્ય ભયદ સંસાર મહાસાગર,
જ્યાંસુધી ન તૂટે સ્ત્રીનાં સ્તનતટાઘાતોવડે એ ઘર ! ૫૨

શું રાખોડીજ ચોળવાથી શરીરે કે ધૂમ પીવાવડે ?
શું વસ્ત્રો નહિ પ્હેરવાથી અથવા ત્રિદંડ લેવાવડે ?
શું ખંભાથી નમેલ કંબળવડે ? કે જાપમાળાવડે ?
વામાક્ષી પ્રતિ દોડતું મન અરે ! રોક્યું નહિ એ સમે ૫૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇચ્છે ! તે મદમસ્ત હસ્તી કમળ–તંતુવડે બાંધવા,
શીરીષ કુસુમેજ વજ્રમણિને ઇચ્છેજ તે ભેદવા;
ઇચ્છે તે મધુબિંદુએ મધુરતા ખારા સમુદ્રે થવા,
મીઠી વાણીવડે કુમાર્ગ થકી જે સન્માર્ગને પામવા. ૫૪

મૂકી દુર્મતિ મેદિની, ગુરૂ ગિરા શીલાચલે રે ! ચ્હડી,
બાંધી ક્રોધ સમુદ્રને કુટિલતા લંકા ખપાવી કરી;
જીતી મોહરૂપીજ, રાવણ અને આરાધી વીરવ્રત,
શ્રીમદ્ ! રામ સમાન ! મુક્તિ વનિતા સંગી થઇશ ઝટ. ૫૫

આહારો ! મધુરાં મનોહર અતિ હારો વિહારો વડે,
બાજુબંધ જડેલ રત્ન–મણિયે શું દિવ્ય–નારીવડે;
જાણી ચંચલ પદ્મ વારિ સરખાં, માનો તમે પ્રાણ એ !
દે ! તું દાન, અને ધર શીલ–તપો–વૈરાગ્યને પામ્ય રે. ૫૬

પરપોટા સમું જાણી વિત્ત વપુ એ દિવાની જ્યોતિ સમું,
તારૂણ્ય સ્ત્રીકટાક્ષ નષ્ટ વિજળી જેવું અને દુબળું;
રે ! રે ! જીવ ગુરૂ પ્રસાદથકી તું કાંઇ કરી લે ઝટ,
દાન–ધ્યાન–તપો વિધાન સરખું પુન્ય પવિત્ર પટ. ૫૭

અનુષ્ટુપ્–ચંદન વૃક્ષની જેમ (તે), વ્યર્થ જન્મ ગુમાવતા;
દ્વિજીહ્વ–કપટી સાથ, જે જનો પ્રેમ બાંધતા. ૫૮

શું તર્કો બહુ તર્કવાથી ? અથવા શું છંદના જ્ઞાનથી ?
શું પીવાથી સુધાતણો રસ ? સ્વાભ્યાસના પાઠથી ?,
જાણ્યાં લક્ષણ તોય શું ? પણ કદી જો ધ્યાન ના ! રે થતું,
લોકાલોક વિલોકવા નિપુણ એ ચિત્તે કદી બ્રહ્મનું. ૫૯

રે ! રે બાળવયેથી હેતુવિણ એ અત્યંત મિત્રાઇથી,
દંભારંભ મૂકી અતિશય તમે દૂરે ખસો ! વેગથી;
જુઓ ! સત્વર જ્ઞાનસૂર્ય કિરણો મ્હારાં ખીલે પુન્યથી,
રે ! કલ્પાંત તિમિર જેમ કયમ એ દેખું હવે આજથી ? ૬૦

સંપૂર્ણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રીમાન્ હરિભદ્ર સૂરિકૃત.

# पंचम षोडशक.

( લેખક સન્મિત્ર કર્પૂરવિજયજી. )

**લોકોત્તર તત્ત્વ સંપ્રાપ્તિ** અથવા **પરમાર્થ પંથની પ્રાપ્તિ.**

ઉપરના અધિકારમાં સામાન્ય પણે કહેવા ધારેલા ધર્મતત્ત્વનું લક્ષણ વિસ્તાર પૂર્વક સમજાવીને હવે **લોકોત્તર તત્વના લાભ** આશ્રી શાસ્ત્રકાર કહે છેઃ—

૧ ઉપરલા અધિકારમાં લોક–લોકોત્તર ધર્મની વહેંચણ કર્યા વગર સામાન્ય રીતે સમજાવ્યા પ્રમાણે ઉક્ત લક્ષણયુક્ત ધર્મ સિદ્ધ થયે છતે સ્વશાસ્ત્ર વ્યવહારમાં કુશળ એવા અપુનર્બંધક અને સમ્યગ્ દૃષ્ટિ સહુ કોઈ ભવ્ય જનોને લોકોત્તર તત્ત્વની એટલે **પરમાર્થ પંથની ખરેખર પ્રાપ્તિ** થઈ શકે છે.

હવે એ લોકોત્તર તત્ત્વનો લાભ કેવા રૂપમાં અને કયારે પ્રાપ્ત થાય છે તે વાતને જણાવવા શાસ્ત્રકાર કહે છે.

૨ **શરૂઆતમાં સમ્યકત્વની સ્પર્શનારૂપ ભાવઆરોગ્યની પ્રાપ્તિ થવી તે શાશ્વત શર્મ રૂપ મોક્ષ અથવા વીતરાગત્વાદિક પરમ ભાવઆરોગ્યનું આદ્ય બીજ છે અને તે છેલ્લા પુદ્ગલ પરાવર્તનમાં ક્ષીણપ્રાય સંસારવાળાને નિયમા પ્રાપ્ત થાય છે.**

ઉક્ત પરમાર્થ પંથની પ્રાપ્તિ છેલ્લા પુદ્ગલ પરાવર્તનમાંજ કેમ થાય છે? તેનું કારણ જણાવે છેઃ—

૩ સુકૃત કર્મ, સ્વભાવ, પુરૂષાર્થ અને નિયતિ રૂપ અન્ય અપેક્ષિત કારણો વિદ્યમાન સતે જ્વર શમન–ઔષધ સમય વત્ કાળની પ્રધાનતા હોવાથી છેલ્લા પુદ્ગલ પરાવર્તનમાંજ તેની પ્રાપ્તિ થાય છે. જેમ ચઢતા તાવમાં તાવને શમાવવા આપેલું ઔષધ ગુણ કરી શકતું નથી પણ ઉલટો અવગુણ કરે છે, જ્યારે તાવ પાકી જાય ત્યારેજ તે દીધેલું ઔષધ ગુણકારી થાય છે તેમ ભવ પરિપાક સમય પ્રાપ્ત થયે જ આપવામાં આવતું સદ્ધર્મ ઔષધ આત્માને અત્યંત હિતકારી થઈ શકે છે. એવી રીતે સિદ્ધાન્તના જાણ પુરૂષો સારી રીતે સમજે છે.

એજ વાતનું વિશેષ સ્પષ્ટીકરણ કરી શાસ્ત્રકાર કહે છે—

૪. જેમ ચઢતા તાવમાં અકાળે આપેલું ઔષધ હિતકારી થતું નથી તેમ ભવસ્થિતિ પરિપાક સમય પ્રાપ્ત થયા પહેલાં આપવામાં આવેલું ધર્મ ઔષધનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમ્યગ્ પરિણમન થઇ શકતું નથી, પણ વિપરીત પરિણમન થાય છે. તે વાતને જ શાસ્ત્રકાર દૃષ્ટાન્ત સહ દૃઢાવે છે.

૫. જેમ મંદ ચક્ષુવાળા લોકો દીપકાદિક પ્રભામંડળને મોરના પીંછા જેવા લીલા રાતા વર્ણવાળા રંગબેરંગી આકારનાં જુએ છે તેમ મંદબુદ્ધિવાળા લોકો આગમ-સિદ્ધાંત દીપકમાં પણ પરમાર્થથી અછતું **અધ્યારોપ મંડળ** જુએ છે એટલે જેમાં અપવાદનો વિષય હોય નહિં તેવા સ્થાનમાં અપવાદ વિષય લક્ષણ આરોપ કરી બેસે છે. એવી રીતે તેમને દૃષ્ટિદોષથી આગમનું અવળું પરિણમન થાય છે. એજ વાતનું કાર્યલિંગવડે સમર્થન કરે છે.

૬. ઉક્ત **અધ્યારોપ** અથવા **ભ્રાન્તિથી** જ સ્વર્ગ અપવર્ગાદિક પ્રસિદ્ધ ફળ દેવાવાળા દાન શીલાદિક ધર્મ વિષે તેઓ અવિધિનું સેવન કરે છે. જો એમ ન હોય અર્થાત્ એવી ભ્રાન્તિ ન હોય તો પછી તત્ત્વદૃષ્ટિ જનો શામાટે દુષ્ટ અવિધિનું સેવન કરે ? ન જ કરે. અર્થ-ભ્રમવગર દુષ્ટ અવિધિ સેવા અસંભવિત છે. એજ વાતને શાસ્ત્રકાર સ્ફુટ કરી બતાવે છે.

૭. જે જનો આ રીતે અવિધિનું સેવન કરે છે તેમને આગમ વચન કે સર્વજ્ઞ વચન સમ્યક્ પરિણમેલ નથી, એમ સ્પષ્ટ જણાય છે, કેમકે અમૃત રસના આસ્વાદને જાણનાર કોણ માણસ વિષસેવન કરવા પ્રવર્તે ? અપિતુ કોઈ પણ ન પ્રવર્તે. અવિધિસેવન વિષજેવું જાણી જરૂર તેનો પરિહાર જ કરે. હવે ફલિતાર્થ જણાવે છે.

૮. તેથી છેલ્લા પુદ્ગલ પરાવર્તમાં આગમ વચનનું ખરેખર તત્વથી પરિણમન થાય છે અને આગમ વચનનું જેમને સમ્યક્ પરિણમન થાય છે તેજ આ લોકોત્તર તત્વપ્રાપ્તિના ખરેખર યોગ્ય અધિકારી બને છે. બાકીના તો અનધિકારી-અયોગ્યજ ગણાય છે. આગમ વચનના પરિણામની પ્રશસ્યતા શા કારણથી છે ? તે કહે છે.

૯. આગમ વચનનું યથાવત્ પરિણમન થવું એ આ સંસાર ભ્રમણરૂપ ભાવ રોગનું નિર્દોષ ઔષધ છે. તેથીજ તે તત્ત્વ પરિણતિ સદ્ અનુષ્ઠાન સેવનના હેતુરૂપ હોવાથી પ્રધાન સદ્બોધ છે એમ જાણવું. તત્ત્વ વચનની પરિણતિ થયાવગર સદ્ અનુષ્ઠાનનું સેવન યથાવિધ થઇ શકતું નથી અને એ આગમ વચનની પરિણતિ જાગ્યે સતે સદ્અનુષ્ઠાન યથાવિધ સેવી શકાય છે માટે તેવી તત્ત્વ પરિણતિ થવી એ ઉત્તમ સદ્બોધરૂપ છે-એજ શ્રેષ્ઠ સમ્યગ્ જ્ઞાન છે. સદ્બોધ થકી અનુષ્ઠાન પરિપૂર્ણ શી રીતે થાય તે કહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૦ ક્રોધ, લોભાદિક દશ સંજ્ઞાઓ મુદ્રિત થયે છતે પરોપકાર કરવામાં સદા તત્પર અને ગંભીરતા તથા ઉદારતાને સદા સેવનાર સદ્ અનુષ્ઠાનને અખંડ આરાધી શકે છે. વિધિરસિક જીવે લોક સંજ્ઞાદિકનો યથાશક્તિ નિરોધ કરવો જોઇએ અથવા નિરોધ કરવા ઉત્સાહ અવશ્ય આરંભવો જોઇએ. તેથી સદા પરોપકારરસિક ઉદાર અને ગંભીર એવા તેને સદ્ અનુષ્ઠાનનો અખંડ લાભ મળે છે.

૧૧ સર્વજ્ઞ પ્રભુનાં વચન કહો કે આગમ વચન કહો તેનું સમ્યગ્ પરિણમન થયે છતે પૂર્વોક્ત **ક્રિયામળ** અને **ભાવમળનો** નાશ થવાથી પુરૂષોને એ દશે સંજ્ઞાનો નિરોધ કરવો એ નિશ્ચે દુર્લભ નહિ પણ સુલભ જ થાય છે.

૧૨ શ્રી ગુરૂમહારાજને અનુયાયી થઇ રહેવાથી અને સર્વત્ર સમાનપણે યથાસંભવ દીનાદિક વિષયમાં ઉચિત આચરણ સેવવાથી દાનાદિક સંબંધી સઘળા ધર્માનુષ્ઠાન નિશ્ચે આગમને અનુસારે જ થાય છે.

૧૩ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર પૈકી સ્વ સ્વ જાતિની મર્યાદા મુજબ કરેલા વ્યાપારથી ઉપાર્જેલું થોડું પણ દ્રવ્ય, પોતાના માતપિતાદિક વડીલોની આજ્ઞા મેળવીને, નોકર ચાકર કે સ્વજન પ્રમુખના પોષણમાં અડચણ ન આવે તેવી રીતે લક્ષ રાખી, જે દીન-દુઃખીને અથવા તપસ્વી પ્રમુખને દેવામાં આવે તે **મહાદાન** અથવા **પ્રધાનદાન** જાણવું અને ઉપર કહેલાં વિશેષણો વગરનું બીજું દાન સામાન્ય **દાન**માત્ર જાણવું. એવી રીતે મહાદાન અને સામાન્ય દાન આશ્રી કહી હવે દેવાર્ચન આશ્રી કહે છે.

૧૪ વીતરાગત્વાદિક જે દેવના ગુણો તેના પરિજ્ઞાન-અવબોધથકી, તે વીતરાગત્વાદિક ગુણોમાં બહુમાન યુક્ત અને શાસ્ત્રોક્ત વિધિવડે આદર કરણ પ્રીતિ આદિક યુક્ત જે ઉત્તમ **દેવાર્ચન** તેજ દેવાર્ચન ઇષ્ટ છે. બાકીનું દેવાર્ચન તો માત્ર નામનુંજ જાણવું.

'પ્રસ્તુત વિષયમાં સંબંધ જોડવા માટે શાસ્ત્રકાર કહે છે':—

૧૫ એવી રીતે કાળે કાળે વિધિપૂર્વક જ ગુરૂસેવા, અને દેવપૂજા પ્રમુખ કાર્યો પોતાના સ્વાધ્યાય ધ્યાનાદિક ધર્મવ્યાપારોમાં ખલેલ ન આવે તેમ કાળજીથી કરવાં અર્થાત્ આગમોક્ત ઉપર જણાવેલા અને તદુપરાંત બીજાં પણ આવશ્યક કાર્યો વિધિ-બહુમાનયુક્ત કરવાં એજ લોકોત્તર તત્ત્વ સંપ્રાપ્તિ સમજવી.

**એ લોકોત્તર તત્ત્વ સંપ્રાપ્તિ શી રીતે સંપાદન થાય છે તે કહે છે.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૯. આ લોકોત્તર તત્ત્વની સંપ્રાપ્તિ, આપ્તપ્રણીત આગમવચનની પરિણતિવડે યથોક્ત નીતિ–વિધિ બહુમાન સહિત દેવગુરૂની સેવા પ્રમુખ નીજ કર્તવ્ય કાર્ય કરવાથી પુરૂષોના: પુન્ય–વિપાકયોગે પરસ્પર અવિરોધી–એકબીજા કાર્યમાં વિરોધ ન આવે તેમ થઇ આવે છે. કેમકે જો એક બીજા કાર્યમાં વિરોધ આવે એવી રીતે સત્કાર્ય પણ કરવામાં આવે તો તે લૌકિક કોટિમાં જ ગણાય છે. અહીં આગમ વચનનું યથાર્થ પરિણમન થવાનું આ ઉત્તમ ફળ બતાવવામાં આવ્યું છે, કે જેથી જે જે ધર્માનુષ્ઠાન કરવામાં આવે તે તે પૂર્વાપર વિરોધરહિત, યથોક્ત નીતિ મુજબ, નિષ્કામ વૃત્તિથી–કેવળ આત્મકલ્યાણ સાધવા માટે જ કરવામાં આવે કે જેથી ભવ્યાત્મા શીઘ્ર શાશ્વત્ સુખનો અધિકારી બની શકે છે. ઇતિ શમ્.

શ્રીમાન્ હરિભદ્રસૂરિ કૃત.

# षोडशकोमांथी उद्भवेला प्रश्नोत्तरो.

પ્ર૦—સ્તુતિ, સ્તોત્ર, સ્તવનાદિકવડે ભાવપૂજા થાય છે તે સ્તોત્રાદિક કેવા જોઇએ ?

ઉ૦—નવમા **ષોડશક**માં શ્રીમાન્ **હરિભદ્રસૂરિ**જીએ કહ્યું છે તેમ તે સ્તુતિ **સ્તોત્રાદિક** પ્રભુના પિંડ ( ૧૦૦૮ લક્ષણ લક્ષિત શરીર ) સંબંધી, ક્રિયા ( સર્વોત્કૃષ્ટ આચાર–ચરિત્ર–નિરૂપમ ધૈર્ય પ્રમુખ પરમ સાત્ત્વિક વૃત્તિ ) સંબંધી, અને ગુણો ( શ્રદ્ધા, જ્ઞાન, વિરતિ પરિણામાદિક સામાન્ય ગુણો અને કેવળજ્ઞાન દર્શનાદિક વિશેષ ગુણો ) સંબંધી વર્ણનવાળાં, ગંભીર અર્થ–ભાવવાળાં, વિચિત્ર વર્ણયુક્ત અલંકારવાળાં, પરિણામની વિશુદ્ધિ કરવાવાળાં, વૈરાગ્ય રસ અથવા મોક્ષાભિલાષને પોષનારાં, પુન્યનું પોષણ કરનારાં, તેમજ જેમાં પોતે કરેલાં પાપ નિવેદન કરવામાં આવેલાં હોય, જે ઉપયોગસહિત એકાગ્રપણે ઉચ્ચરવામાં આવેલાં હોય, જેનાં અનેક ઉત્તમ અર્થ થઇ શકતાં હોય, અસ્ખલિતાદિક ગુણોવડે યુક્ત હોય, અને મહા મતિવંત પુરૂષોએ ગુંથેલાં–રચેલાં હોય એવા સ્તોત્રાદિક વડે પ્રભુની સ્તવના કરવી જોઇએ. વળી કહ્યું છે "**ગભીર મહુર સદ્દં, મહત્થ જુત્તં હવઇ થુત્તં**" એટલે ગંભીર–ઉંડા આશયવાળું, મધુર શબ્દ ધ્વનિવાળું, અને અનેક ઉત્તમ અર્થ ગર્ભિત સ્તોત્ર–સ્તવન પ્રભુ સન્મુખ કહેવું જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦—કાયાદિક શુદ્ધિથી કરવામાં આવેલી દ્રવ્યપૂજાનું કેવું ફળ સંપજે છે?

ઉ૦—કાયાદિક શુદ્ધિથી કરેલી નિર્દોષ દ્રવ્યપૂજા વિઘ્નોપશામિની, **અભ્યુદયજનની** અને **નિવૃતિ–નિર્વાણપદપ્રાપિકા** થાય છે.

મતલબ કે પ્રધાન પુષ્પ ગંધ માલ્યાદિક વસ્તુઓ જાતે જ જિનેશ્વર ભગવાનને જયણા પૂર્વક આરોપવા વડે, અને તેવી જ ઉત્તમ સામગ્રી બીજા પાસે અણાવવા વડે તેમજ ત્રિભુવનમાં શ્રેષ્ઠ એવાં કલ્પવૃક્ષનાં ફળ તથા નંદન વન સંબંધી ચંદન પ્રમુખ દુર્લભ વસ્તુઓ અંતઃકરણવડે સંપાદન કરવાવડે, ત્રિકરણ શુદ્ધયોગે કીધેલી પ્રભુપૂજા ઉપર જણાવેલા ઉત્તમ લાભ નીપજાવી શકે છે.

પ્ર૦—મુગ્ધજનો કહે છે કે જિનપૂજા કરતાં જીવવધ થાય છે, તેમ છતાં તે પૂજાવડે પ્રભુને કશો લાભ નથી, પ્રભુ તો કૃતકૃત્ય છે તેથી પૂજા વ્યર્થ–ફોગટ છે તેનું કેમ?

ઉ૦—પૂજા પ્રસંગે અશક્ય પરિહારે થતો કાયવધ પણ કૂપ ઉદાહરણ મુજબ ગૃહસ્થ જનોને ગુણકારીજ ગણેલો છે.તેમજ મંત્રાદિકની પેરે તેથી ( મંત્રને ) લાભ નહિં છતાં તે મંત્ર ગણનારને તો લાભ થાયજ છે. વળી પ્રભુ પોતે કૃતકૃત્ય હોવાથીજ ગુણોત્કર્ષ થકી તેમની પૂજા ગુણકારી થાય છે. માટે શરીર, સ્વજન અને ગૃહાદિક આરંભવાળા ગૃહસ્થ જનોને તે પ્રભુપૂજા સફળ–સારાં શુભ ફળ આપનારી થાય છે એમ નિર્મળ બુદ્ધિવાળા મહાત્માઓ કહે છે. ફક્ત સર્વ સાવદ્ય આરંભવર્જિત મુનિજનોની પેરે સામાયિક પૌષધાદિક ભાવસ્તવમાં લીન થઇ રહેલા, સાવદ્ય આરંભ રહિત ગૃહસ્થને તેટલો વખત દ્રવ્યપૂજાનો અધિકાર નથી. બાકી તો તે રોગીને ઔષધની પેરે અવશ્ય ગુણકારી જ છે. એમ સ્વ સ્વ અધિકાર મુજબ અવસરે અવસરે ઉચિત પ્રભુપૂજા નિયમસર–નિશ્ચય પૂર્વક કરનાર, કરવામાં સહાય અર્પનાર તેમજ તેની અનુમોદના કરનાર ધન્ય–કૃત પુન્ય ભવ્યાત્મા સુકૃત સમુપાર્જીને અનુક્રમે ભવનો અંત કરી શકેછે.

પ્ર૦—સદ્ અનુષ્ઠાન કેટલા પ્રકારનું હોયછે? અને તે દરેકનું સામાન્ય રીતે કેવું સ્વરૂપ છે?

ઉ૦—૧ **પ્રીતિ** અ૦ ૨ **ભક્તિ** અ૦ ૩ **વચન** અ૦ અને ૪ **અસંગ** અ૦ એમ ચાર પ્રકારનું સદ્ **અનુષ્ઠાન** હોઇ શકે છે. તે દરેકનું સંક્ષેપથી સ્વરૂપ નીચે મુજબ છે. જે અનુષ્ઠાન કરવામાં કરનારને પરમ આદર હોય, હિતબુદ્ધિથી જેમાં અધિક પ્રીતિ હોય, અને બીજી બધી વાત તજીને જે તત્કાળ કરવામાં આવે તે **પ્રીતિ અનુષ્ઠાન** જાણવું. ક્રિયાવડે પ્રીતિ અનુષ્ઠાન તુલ્ય છતાં જે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગૌરવ વિશેષથી ( અધિક પૂજ્યભાવથી ) બુદ્ધિવંત પુરૂષો વિશુદ્ધતર કરે તે **ભક્તિ અનુષ્ઠાન** જાણવું.

સ્ત્રી અને માતા પ્રત્યે ઉચિત આચરણની પેરે પ્રથમમાં **પ્રીતિ** અનુષ્ઠાન અને બીજામાં **ભક્તિ** અનુષ્ઠાન જાણવું. સર્વત્ર ધર્મવ્યાપારમાં દેશ કાળ પુરૂષ વ્યવહારાદિ અનુકૂળતાએ સદ્વર્તનવંત **સાધુજનોની જે નિશ્ચે આગમ-વચનાનુસારે પ્રવૃતિ તે વચન અનુષ્ઠાન** જાણવું.

વ્યવહારથી તો માર્ગાનુસારી જનોની પ્રવૃત્તિ પણ ( અમુક અંશે ) વચન અનુષ્ઠાન રૂપ જાણવી. અને જે અનુષ્ઠાન આગમ સંસ્કારથકી અત્યંત અભ્યાસ યોગે, સત્પુરૂષો ચંદન ગંધના દૃષ્ટાન્તે અનાયાસે એકીભાવે આચરે તે **અસંગ અનુષ્ઠાન** કહેવાય છે.

જેમ પ્રથમ દંડવતી ચક્રભ્રમણ કરવામાં આવે પછી તે ચક્ર અનાયાસે ફર્યા કરે તેમ જે પ્રથમ વચનાનુષ્ઠાન હોય તે અભ્યાસવશાત્ દૃઢ સંસ્કારથી **અસંગ અનુષ્ઠાન** રૂપ થઇ જાય છે. તેમાં પ્રથમનાં બે સદ્અનુષ્ઠાનથી અભ્યુદય-સ્વર્ગાદિ સુખની પ્રાપ્તિ થાય છે ત્યારે પાછળનાં બે સદ્અનુષ્ઠાનથી નિઃશ્રેયસ્-મોક્ષની પ્રાપ્તિ થઇ શકે છે.

પ્ર૦—શાસ્ત્રમાં કહેલી પાંચ પ્રકારની **ક્ષમાનો** કેવી રીતે ( વિભાગથી ) ઉક્ત ચાર પ્રકારના સદ્ અનુષ્ઠાન સાથે સંબંધ ઘટી શકે છે?

ઉ૦—**ઉપકારક્ષમા, અપકારક્ષમા** અને **વિપાકક્ષમાનો** પ્રથમના બે અનુષ્ઠાન સાથે અને **વચનક્ષમા** અને **સહજક્ષમાનો** પાછળના બે અનુષ્ઠાન સાથે સંબંધ ઘટે છે.

પ્ર૦—જ્ઞાન ત્રણ પ્રકારનું જે કહ્યું છે તે કેવા પ્રકારના દૃષ્ટાંતથી કહ્યું છે તે સમજાવો.

ઉ૦—**શ્રુતજ્ઞાન, ચિન્તાજ્ઞાન** અને **ભાવનાજ્ઞાન** (અનુભવ જ્ઞાન) એ ત્રણ પ્રકારનું જ્ઞાન અનુક્રમે **મિષ્ટજળ, દુધ** અને **અમૃતની** પેરે ભવતૃષાને શમાવી શકે છે. તેથી રત્નત્રય સમાન ઉક્ત ત્રિવિધ જ્ઞાનને વિષે પરમ આદર કરવો યુક્ત છે. તેમાં **શ્રુતજ્ઞાન** તે વિનય બહુમાનપૂર્વક ગુરૂનાં ચરણ સેવી પ્રાપ્ત કરેલ શાસ્ત્રાર્થ સંબંધી જ્ઞાન, તેજ મનન કરેલું **ચિન્તાજ્ઞાન,** અને તેને સમ્યગ્ પરિણમાવી રસરૂપ કરેલું અમૃત સમાન શાન્તિકારક **અનુભવજ્ઞાન** જાણવું.

પ્ર૦—શ્રુતમયજ્ઞાનનું શું વિશિષ્ટ લક્ષણ જાણવું?

ઉ૦—સકળ શાસ્ત્રગત વચન સાથે અવિરોધી એવું નિર્ણીત અર્થ વચન રૂપ સારી રીતે સાચવી રાખેલાં બીજની જેવું સજીવન અને અસદ્ અભિનિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વેશથી અત્યંત રહિત હોય તે **શ્રુતમયજ્ઞાન** જાણવું. આમાં શ્રુતરાગથી આજ દર્શન સુંદર છે એવો કંઇક દર્શન–આગ્રહ હોય.

પ્ર૦—ચિન્તામય જ્ઞાનનું વિશિષ્ટ લક્ષણ શું જાણવું ?

ઉ૦—મહા વાક્યાર્થ જનિત, અત્યંત સૂક્ષ્મ બુદ્ધિગમ્ય, સર્વ પ્રમાણ નય-ગર્ભિત અવિરૂદ્ધ યુક્તિઓની આલોચનાયુક્ત, જળમાં તેલ પસરી જાય એવું જે જ્ઞાન તે **ચિન્તાત્મક જ્ઞાન જાણવું**. દર્શન આગ્રહ આમાં મુદ્દલ હોયજ નહિ.

પ્ર૦—**ભાવના જ્ઞાનનું** વિશિષ્ટ લક્ષણ શું જાણવું ?

ઉ૦—સર્વ જ્ઞેય ક્રિયા વિષયે સર્વજ્ઞ આજ્ઞાજ પ્રધાન કારણ છે એવા તાત્પર્યવાળું અને તેથીજ દાનવિધિ તેમજ બીજી વિધિમાં ચિત્ત વિત્ત અને પાત્રાદિક મધ્યે અત્યંત આદરવાળું **ભાવના જ્ઞાન,** અશુદ્ધ એવા જાતિવંત રત્નની સ્વાભાવિક કાન્તિસમાન જાણવું. બીજા જ્ઞાન કરતાં તે અધિક પ્રકા-**શકારી** હોય છે.

આ **ભાવના જ્ઞાનમાં ચારિસંજીવની ચાર**ના દૃષ્ટાંતે સર્વ જીવનો અનુગ્રહ કરવાની પરિણતિવડે ગંભીર આશયથી સર્વ કોઇની ઉપર હિત વૃત્તિજ હોય છે.

પ્ર૦—વ્રત–મહાવ્રત ગ્રહણ કરવા રૂપ દીક્ષા આદરવા યથાર્થ અધિકારી કોને જાણવો ?

ઉ૦—આ ઉપર જણાવેલા શ્રુત–ચિન્તા–ભાવનાજ્ઞાન પ્રાપ્ત થયે સતે ભ-વ્યાત્મા દીક્ષા ગ્રહણ કરવા યથાર્થ રીતે લાયક સમજવો. તથાપ્રકારના જ્ઞાન વગરની દીક્ષા તો વસન્ત નૃપ ( ઇલાજી ) સમાન વિડંબનાપ્રાય સમજવી.

પ્ર૦—દીક્ષા શબ્દનો—અક્ષરશઃ અર્થ શો થાય છે ?

ઉ૦—શ્રેય–કલ્યાણનું **દાન** આપે અને અશિવ–અશ્રેય તેનો **ક્ષય** કરે તે યથાર્થ **દીક્ષા.** આ જિનશાસનમાં મુનિજનોને માન્ય છે, તેથી તે યથોક્ત જ્ઞાની–અધિકારીનેજ નિશ્ચે નિર્દોષ હોવી ઘટે છે.

પ્ર૦—જો ઉક્તજ્ઞાનીનેજ દીક્ષા નિર્દોષ હોવી ઘટે તો પછી **માષતુષ** પ્રમુખ મુનિઓને શાસ્ત્રમાં નિર્દોષ દીક્ષા કહેલી છે તેનું કેમ ?

ઉ૦—જે રાગાદિક દોષ–અનુબંધરહિત હોવાથી શ્રદ્ધાવાન હોય અને કેવળ સૂક્ષ્મ બુદ્ધિગમ્ય ગ્રન્થાર્થાદિકની જેમને ગમ ન હોય એમ છતાં પાપ ભીરૂ, ગુરૂ ભક્ત અને આગ્રહ ( મિથ્યાભિનિવેશ ) રહિત હોય તે પણ જ્ઞાનવાનૂજ કહેવાય. જ્ઞાનનું પણ એજ ફળ છે કે સંસારથી વિરક્તપણું પ્રાપ્ત કરવું, શ્રીમદ્

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુરૂની ભક્તિમાં એકનિષ્ઠ બનવું ઇત્યાદિક, તે તો આ મહાનુભાવોમાં હોયજ છે. તેથી તેમની દીક્ષા પણ નિર્દોષ છે. મતલબ કે જો એક નિર્મળ ચક્ષુવાળો હોય અને બીજો અંધ છતાં નિર્મળ ચક્ષુવાળાના મત પ્રમાણે ચાલનારો હોય તો તે બંને માર્ગમાં ચાલનારા એક સાથેજ નિયમિત સ્થળે પહોંચી શકે છે. તેવીજ રીતે નિર્મળ જ્ઞાની ગુરૂની પવિત્ર આજ્ઞાને અનુસરી આત્મ કલ્યાણ સાધવા ઉજમાળ બનેલા તથાપ્રકારના જ્ઞાનરહિત છતાં **માસ તુષાદિક** મુનિઓ પણ સ્વનિયામક જ્ઞાની ગુરૂઓની પેરે નિર્દોષ દીક્ષાપાત્ર ગણાય છે.

પ્ર૦—સાધુજનોએ સ્વસાધુયોગ્ય ધર્મ કરણીમાં કેવું સાવધાન રહેવું જોઈએ?

ઉ૦—જેમ રોગથી કંટાળેલો માણસ નીરોગી થવા માટે તે રોગની પ્રતિક્રિયા (પથ્ય, ઔષધ માત્રા પ્રમુખ) સાવધાનપણે કરે છે તેમ દીક્ષિત–સાધુ જનોએ પણ આ ભયંકર ભવ રોગથી ઉદ્વિગ્ન બની તેથી મુક્ત થવા માટે સાધુયોગ્ય સદાચરણ સેવવા સદાય સાવધાન રહેવું જોઇએ.

પ્ર૦—કેવા પ્રકારના સદાચરણમાં સાધુ–મુનિરાજ સાવધાન રહ્યા કરે?

ઉ૦—૧ ગુરૂ વિનય, ૨ સ્વાધ્યાય (સઝાય ધ્યાન), ૩ યોગાભ્યાસ, ૪ પરોપકાર વૃત્તિ, અને ૫ સંયમ અનુકૂળ સઘળી કરણી કરવામાં ભવભીરૂ સાધુ જનો સદાય સાવધાન રહ્યા કરે. તેમાં પ્રમાદાસેવન ન જ કરે.

પ્ર૦—ગુરૂમહારાજનો વિનય શી રીતે સાચવ્યો ગણાય?

ઉ૦—ગુરૂજન પ્રત્યે પુરૂષ ભૂમિકાની અપેક્ષાએ ઉચિત મર્યાદાપૂર્વક વર્તન રાખવું (તેમનું યથાયોગ્ય વૈયાવચ્ચ કરવું), તેમના સદ્‌ગુણથી આકર્ષાઇ શુદ્ધ અંતઃકરણનો પ્રેમ બતાવવો–બહુમાન કરવું, તેમણે કરેલા અતુલ ઉપકારને લક્ષમાં રાખી સંભાર્યા કરવો–ભૂલી ન જવો, દરેક કાર્યમાં તેમની કલ્યાણકારી આજ્ઞાને આગળ કરી ચાલવું, તેમજ ગુરૂ મહારાજ વિદ્યમાન હોય અથવા ન હોય તોપણ તેમની પવિત્ર આજ્ઞાને યથાર્થ અનુસરી–સર્વથા તે મુજબ વર્તીને તેને સત્ય–સફળ કરવી પણ નિષ્ફળ કરી નાંખવી નહિં, એ સર્વ રીતે સાવધાનપણે વર્તતાં ગુરૂજનનો વિનય સાચવ્યો કહેવાય છે. (વિનયવડેજ બીજું બધું લેખે થાય છે તે વગર બીજું બધું ફોગટ થાય છે.)

પ્ર૦—પૂર્વોક્ત સદાચરણને સાવધાનપણે સેવનાર સાધુને કેવા પ્રકારનો લાભ થાય છે?

ઉ૦—એ રીતે સદાચરણયુક્ત સાધુજનો અત્યંત વિશુદ્ધ પરિણામને પામી, શીઘ્ર **મૈત્રી, મુદિતા, કરૂણા** અને **ઉપેક્ષા** એ ચાર ભાવનાને નિશ્ચે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સિદ્ધ કરી શકે છે. એજ ચાર ભાવનાઓ સર્વોત્કૃષ્ટ થયે સતે અંતે તેમને અજરામર પદની પ્રાપ્તિ થાય છે. પછી ત્યાં મોક્ષમાં તેમને તે ભાવનાઓ ( મૈત્રી પ્રમુખ ) નિષ્પ્રયોજન હોવાથી સંભવતી નથી.

પ્ર૦—મોક્ષમાર્ગમાં યોજવારૂપ યોગ-સાધકને કયા કયા ચિત્ત દોષ વર્જવા જોઇએ ?

ઉ૦—૧ **ખેદ**=ક્રિયામાં અપ્રવૃત્તિના હેતુરૂપ **થાક**, ૨ **ઉદ્વેગ**, ૩ **ક્ષેપ**=આંતરે આંતરે અન્યત્ર ચિત્તનું સ્થાપવું-વ્યાક્ષિપ્તચિત્તતા, ૪ **ઉત્થાન**=ચિત્તની અપ્રશાન્તવાહિતા, ૫ ભ્રાન્તિ, ૬ અન્યમુદ્=અન્ય સ્થળે હર્ષ, ૭ રોગ-પીડા-ભંગ, અને ૮ આસંગ=આજ ઠીક છે એવો રાગ=અભિષ્વંગ એ આઠ ચિત્ત દોષો સાધકને ખાસ વર્જ્ય છે.

પ્ર૦—તત્ત્વપ્રવૃત્તિ કરનારને શું શું કર્તવ્ય છે ?

ઉ૦—૧ અપ્રીતિને પરિહરવારૂપ **અદ્વેષ**, ૨ તત્ત્વ જાણવાની ઇચ્છારૂપ **જિજ્ઞાસા**, ૩ બોધ પ્રવાહની સિરા ( સેર ) જેવી **શુશ્રૂષા**, ૪ તત્ત્વ શ્રવણ, ૫ તત્ત્વ બોધ, ૬ તત્ત્વ વિચારણા, ૭ તત્પુર્વક પરિશુદ્ધ નિશ્ચયાત્મક જ્ઞાનપ્રાપ્તિ અને ૮ તત્પૂર્વક તાત્ત્વિક ક્રિયામાં પ્રવૃત્તિ. એ રીતે તાત્ત્વિક પ્રવૃત્તિ ઉપર કહેલા **અદ્વેષાદિક** આઠ અંગોવડે નિર્માણ થયેલી હોવાથી તત્ત્વ પ્રવૃત્તિ કરનારે ઉક્ત મર્યાદા મુજબ કર્તવ્ય પરાયણ થવુંજ જોઇએ. મતલબ કે દ્વેષાદિક દોષો તજી સમતાદિક ગુણોને અવશ્ય સજવા જોઇએ.

પ્ર૦—સદ્અનુષ્ઠાનને સેવનારા સત્ પુરૂષોનો કયો અવિચલિત માર્ગ હોય છે ?

ઉ૦—શ્રી વીતરાગ પ્રણીત ભાવોના ગર્ભાર્થ-રહસ્યાર્થને સારી રીતે સૂક્ષ્મ બુદ્ધિ બળથી આલોચી-વિચારી સત્પુરૂષોએ કુશળ કલ્યાણકારી અનુષ્ઠાન કરવા પ્રવૃત્તિ કરવી એ તેમનો અચળ માર્ગ હોય છે. ઇતિશમ્.

# ઉપદેશ તરંગીણીમાંથી ઉદ્ભવેલા કેટલાક પ્રશ્નોત્તરો.

પ્રશ્ન—શ્રી જિન ભવન કરાવવા અધિકારી ( લાયક ) કોને જાણવો ?

ઉત્તર—ન્યાય નીતિવડે ઉપાર્જિત દ્રવ્યવાળો, મતિમાન્, ઉદાર દીલવાળો, સદાચારવંત અને ગુરૂને તેમજ રાજાદિકને માન્ય—તેને જિનભવન કરાવવા લાયક જાણવો.

For Private And Personal Use Only

પ્ર૦—ધર્મશાળા કે પૌષધશાળાથી શો લાભ થઇ શકે ?

ઉ૦—મુનિજનોના નિવાસપૂર્વક ત્યાં ધર્મશ્રવણ, પ્રતિક્રમણાદિક ઉત્તમ કરણી થઇ શકે. કઇ આત્માર્થી જનો ગુરૂ સમીપે આવી સાધુ શ્રાવક યોગ્ય વ્રતોને ગ્રહણ કરી મહા પુન્ય ઉપાર્જી શકે. વળી જેમ કુરૂક્ષેત્રમાં સ્નેહીજનોને પણ કલેશબુદ્ધિ પ્રગટે છે તેમ ધર્મશાળામાં કે પૌષધશાળામાં અધમજનોને પણ ધર્મબુદ્ધિ જાગે છે. આમ અનેક રીતે તે શાળા અનેક ભવ્યાત્માઓને બોધિબીજ પ્રાપ્તિ માટે હેતુરૂપ થાય છે. તેથી તેનું નિર્માણ કરાવનારા સંસારસાગરને તરી પરમપદ જે મોક્ષ તેને પામે છે.

પ્ર૦—શ્રી સંપ્રતિરાજાએ સવા લાખ જિનભવનો બનાવ્યા તે કેમ ? બધાં નવાંજ ?

ઉ૦—તેમાં ૩૬૦૦૦ નવીન જિનમંદિરો અને બાકીનાં ૮૯૦૦૦ પ્રાચીન દેરાસરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો જાણવો. અને જિનપ્રતિમાઓ સર્વજાતની મળી સવા ક્રોડ ભરાવી.

પ્ર૦—'**માંડવગઢનો રાજિયો, નામે દેવ સુપાસ;**' એમના આશ્રી કશી મૂળ હકીકત છે ?

ઉ૦—**સીતા મહાસતીને પૂજવા માટે, વનવાસમાં રહેતાં** લક્ષ્મણ કુમારે કરેલી છાણમય શ્રી **સુપાર્શ્વ પ્રભુની પ્રતિમા** તે સતીના શીલના પ્રભાવે વજ્રમયી થઇ ગયેલી તે અત્યારે પણ **માંડવગઢ**માં બિરાજમાન છે, **મહાપ્રભાવશાળી છે અને સર્વ ઉપસર્ગોનો વિનાશ કરનારી છે.**

પ્ર૦—શ્રી **સમરાશાહે** શ્રી શત્રુંજય ઉપર કેવા સંયોગમાં ઉદ્ધાર કરાવ્યો ?

ઉ૦—યોગિનીપૂરથી ૧ લાખ ૮૦ હજાર ફ્રોજ સાથે આવેલા મ્લેચ્છરાજાએ સુરાષ્ટ્ર દેશમાં આવી શ્રી શત્રુંજય ઉપર ચઢી, જાવડશાહે ભરાવેલી પ્રતિમાનો ભંગ કર્યો ત્યારે સુરત્રાણને મહામાન્ય હોવાથી તેના ફરમાનથી સંવત્ ૧૩૭૧ વર્ષે શ્રી સમરાશાહે મહોત્સવપૂર્વક જીર્ણોદ્ધાર કરાવ્યો. તેમાં પુષ્કળ દ્રવ્યનો વ્યય કર્યો તે આશ્રી કહેલું છે કે—

'સગર ચક્રવર્તી કરતાં પણ સમરાશાહને હું કંઇક અધિક લેખું છું કેમકે તેમણે મ્લેચ્છ લોકોના બળથી વ્યાપ્ત એવા આ કલિયુગમાં પણ શ્રી શત્રુંજય તીર્થનો ઉદ્ધાર કર્યો.'

પ્ર૦—ધર્મ શાસ્ત્રનું શ્રવણ કરવાથી શું ફળ થાય ? અને કોની પેરે ?

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦—શાસ્ત્રશ્રવણથી ધર્મકાર્ય કરવામાં ઉદ્યમ કરી શકાય, સારી બુદ્ધિ આવે, ખરા ખોટાનો નિર્ણય થાય, ત્યાજ્યાત્યાજ્ય, ભક્ષ્યાભક્ષ્યાદિકનો વિવેક જાગે, સંવેગ-શાશ્વત સુખ મેળવવા અભિલાષા જાગે, અને ઉપશમ-કષાયની શાંતિ થાય. આ પ્રમાણે શાસ્ત્રશ્રવણ કરતાં અનેક લાભ થાય છે, જેમ રોહિણીયા ચોરે શ્રી વીર પ્રભુના મુખથી એક ગાથા સાંભળી સ્વકલ્યાણ સાધ્યું હતું તેમ અથવા યવરાજર્ષિને અનાયાસે સાંભળેલી ત્રણ ગાથા ગુણકારી થઇ હતી તેમ ભવસમુદ્રમાં બુડતા માણસોને જ્ઞાન જહાજ તુલ્ય છે તેમજ મોહ અંધકારને ટાળવા માટે જ્ઞાન સૂર્યમંડળ સમાન ઉપકારી થાય છે.

પ્ર૦—ગુરૂ સમીપે કોઇ પણ પ્રકારનાં વ્રતનિયમ ગ્રહણ કરવાથી કોની પેરે લાભ થાય ?

ઉ૦—પૂર્વે વંકચુલ નામના રાજપુત્રે અજાણ્યાં ફળ, રાજાની પટરાણી, કાગડાનું માંસ અને ૧૦ ડગલાં પાછા ઓસરી પછી ઘા કરવા સંબંધી કરેલા નિયમો તેના જીવિત વિગેરેની રક્ષા માટે થયા હતા તેમજ કુંભારની ટાલ જોયા પછી ભોજન કરવાના નિયમથી શ્રેષ્ઠીપુત્ર કમળને કેટલાક કાળે સોનાના ચરૂનો લાભ થતાં તે પછી પરમ શ્રાવક થયો હતો, એ રીતે નિયમથી ઘણાજ લાભ છે.

પ્ર૦—નવકાર ( નમસ્કાર ) મહામંત્રનું સ્મરણ કયારે કયારે ને કેવી રીતે કરવું ઉચિત છે ? અને તેનાથી શા શા લાભ સંભવે છે ?

ઉ૦—ભોજન સમયે, શયન કરતાં, જાગતાં, પ્રવેશ કરતાં, ભય અને કષ્ટ સમયે યાવત્ સર્વકાળે સદાય નવકાર મહામંત્રનું નિશ્ચે સ્મરણ કર્યાજ કરવું. મરણ વખતે જે કોઇ એ મહામંત્રને ધારી રાખે છે તેની સદ્ગતિ થાય છે. એ મહામંત્રનું સ્મરણ કરી કરીને અનેક જનો સંસાર સમુદ્રનો પાર પામ્યા, પામે છે અને પામશે. ઉત્સાહ સહિત પ્રમાદ રહિત ગણવામાં આવતા નવકારના પ્રભાવથી સર્વ ઉપદ્રવો તત્કાળ શમી જાય છે, સર્વ પાપ વિલય પામે છે અને સર્વ પ્રકારનાં ભય નષ્ટ થઇ જાય છે.

શ્રી જિનેશ્વરમાં પોતાનું લક્ષ સ્થાપી પ્રસન્ન ચિત્તે, સુસ્પષ્ટરીતે, શ્રદ્ધાયુક્ત અને વિશેષે કરીને જિતેન્દ્રિય સતો જે કોઇ શ્રાવક એક લાખ નવકાર મંત્ર જપે છે અને એક લાખ શ્વેત અને સુગંધી પુષ્પોવડે યથાવિધ જિનેશ્વર ભગવાનને પૂજે છે તે જગત્પૂજ્ય શ્રી તીર્થંકરની પદ્ધી પ્રાપ્ત કરે છે.

વળી એ મહામંત્ર દુઃખને દૂર કરે છે, સુખને પેદા કરે છે, યશ કીર્તિ પ્રસરાવે છે, ભવનો પાર કરે છે. એ રીતે આ લોકમાં અને પરલોકમાં સર્વ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુખના મૂળરૂપ એ મહામંત્ર છે. વધારે શું ? પણ તિર્યંચ-પશુ પંખી પણ અન્ત વખતે એ મહામંત્રના સ્મરણથી સદ્‌ગતિ પામે છે.

પ્ર૦—ન્યાય માર્ગે ચાલવાથી આ લોકમાં તેમજ પરલોકમાં શા શા ફાયદા થાય છે ?

ઉ૦—ન્યાય-નીતિના માર્ગે એક નિષ્ઠાથી ચાલતાં આ લોકમાં યશ, કીર્તિ, મહત્વ, પ્રતિષ્ઠાદિક બહુ પ્રકારના લાભ થાય છે અને પરભવમાં સદ્‌ગતિ, સુલભ-બોધિપણું, ઉચ્ચ કુળમાં અવતાર તથા છેવટ શાશ્વત સુખ મળે છે. કહ્યું છે કે- “ ન્યાય માર્ગમાં પ્રવૃત્ત જનને તિર્યંચો પણ સહાયભૂત થાય છે ત્યારે અનીતિ-અન્યાય માર્ગમાં પ્રવર્ત્તનારને તેનો સગો ભાઈ પણ તજી દે છે. ” ( જેવી રીતે અન્યાયમાં પ્રવૃત્ત થયેલા રાવણને તજી તેનો બંધુ બિભીષણ ચાલ્યો ગયો હતો અને તેણે ન્યાય માર્ગમાં પ્રવૃત્ત રામચંદ્રજીનો પક્ષ ( આશ્રય ) લીધો હતો. કોઇ પણ રાજા ન્યાયવંત, ધર્માત્મા હોય છે ત્યારે તેનું **રામરાજ્ય** કહેવાય છે.

પ્ર૦—વિષય ઇંદ્રિયને પરવશ પડેલ પ્રાણીઓના કેવા હાલ થાય છે ?

ઉ૦—જ્યારે એક એક ઇંદ્રિયના વિષયમાં લુબ્ધ બનેલા બાપડા પતંગીયા, ભમરા, માછલાં, હાથીઓ અને હરણીયાં પ્રાણાંત કષ્ટ પામે છે ત્યારે જે મૂઢ જનો મોહથી અંધ બની એકી સાથે એ પાંચે ઇંદ્રિયોના વિષયોમાં લીન બન્યા રહે છે તેમનું તો કહેવું જ શું ? આ ભવમાં પરતંત્રતાદિક પ્રગટ દુઃખને પામે છે અને પરલોકમાં નીચી ગતિ પામે છે.

પ્ર૦—શ્રી સંઘને રત્નાકરની ઉપમા શી રીતે ઘટે છે ?

ઉ૦—ચતુર્વિધ શ્રી સંઘ મધ્યે બહુ મૂલ્યવાળાં **પંચપરમેષ્ઠિ રત્નો** ( અરિહંત સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ સમુદાય રૂપ ) સદાય ઉત્પન્ન થયાં કરે છે તેથી તે **રત્નાકર** તુલ્યજ છે. વળી સર્વ તીર્થંકરોને પણ **નમસ્કાર** કરવા યોગ્ય એવો શ્રી સંઘ ‘ **પચવીશમો તીર્થંકર** ’ કહેવાય છે. તેવા શ્રી સંઘની ઉન્નતિ **વજસ્વામીની** પેરે જે કોઇ મહાશયો કરે છે તે ખરેખરા ઉત્તમ પુરૂષોની કોટિમાં ગણાવા યોગ્ય છે. તેઓ ધન્ય-કૃતપુન્ય છે એમ જાણવું.

પ્ર૦—આ દુનીયામાં કયા પાંચ **સ**કાર દુર્લભ કહ્યા છે ?

ઉ૦—૧ ( ન્યાયોપાર્જિત ) સદ્‌દ્રવ્ય, ૨ સત્કુળમાં જન્મ, ૩ સિદ્ધક્ષેત્ર ( શત્રુંજય તીર્થ ) ની સેવા-ભક્તિ, ૪ સમાધિ અને ૫ ચતુર્વિધ શ્રી સંઘનો મેળો-મેળાપ.

પ્ર૦—સીદાતા સાધર્મી જનોને સમયોચિત સહાય આપવા માટે કોણે કોનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લક્ષ કેવી રીતે ખેંચ્યું હતું ? અને તેનું શું પરિણામ આવ્યું હતું ?

ઉ૦–શ્રીમાન્ **હેમચંદ્રસૂરિજીએ કુમારપાળ ભૂપાળનું** લક્ષ આવી રીતે ખેંચ્યું હતું. "એકદા શ્રી હેમસૂરિજી **શાકંભરીમાં** પધાર્યા હતા. ત્યાં નિર્ધન શ્રેષ્ઠી ધનાકે પોતાને પહેરવા–ઓઢવા માટે ભાર્યાએ કાંતેલા જાડા સૂત્રથી બનાવેલું વેજું વહોરાવ્યું. પાટણ શહેરમાં પ્રવેશ કરતી વખતે શ્રી કુમારપાળ પ્રમુખ ૭૨ નૃપો અને શ્રેષ્ઠી છાડા કુબેરદત્તાદિક ૧૮ હજાર વ્યવહારિયા સા રત્નઋદ્ધિસહિત સન્મુખ આવ્યા ત્યારે એજ ગજીનો કપડો ગુરૂમહારાજે ઓઢ્યો. તે જોઇ રાજાએ કહ્યું કે આપ સાહેબ મારા ગુરૂ છો, આવો જાડો ખાદીનો કપડો આપે ઓઢેલો છે તેથી અમને લાજ આવે છે. ગુરૂમહારાજાએ ઉત્તરમાં જણાવ્યું કે તહારા રાજ્યમાં તહારા સાધર્મી ભાઇઓ આવા નિર્ધન છે, તેઓ મહા મુશીબતે પોતાનો નિર્વાહ કરી શકે છે: તે બાબત તમને લજ્જા કેમ આવતી નથી ? અમને તો સામાન્ય વેષ ધારણ કરતાં પણ ગુરૂતાજ છે, કેમકે એમ કરવાથી તો શ્રી સર્વજ્ઞ ઉક્ત આચારનું પાલન થાય છે. કહ્યું છે કે–

"સર્વસંગ–પરિચય તજી જીર્ણ ( પ્રાય ) વસ્ત્ર ધારી મળ ( મેલ ) વડે મલીન ગાત્રયુક્ત, મધુકરી વૃત્તિને ભજનો ( આત્મા ) સાધુ–ચર્યાને ક્યારે સેવશે ?" આ પ્રકારનાં અવસર ઉચિત હિતવચનને શ્રવણ કરવાથી શ્રી કુમારપાળ ભૂપાળને શ્રી સંઘઉપર પ્રેમ વધ્યો અને તેથી તેણે કોઇ પણ સીદાતા સાધર્મી ભાઇનો ઉદ્ધાર કરવા એક હજાર સોનામહોરો માટે અર્પવી એવો અભિગ્રહ ધારણ કર્યો. તે એવી રીતે એક વર્ષમાં સાધર્મી જનોને તે એક ક્રોડ સોનામહોરો આપતો, એમ ૧૪ વર્ષોમાં તેણે ૧૪ ક્રોડ સોનામહોરો સાધર્મી જનોને આપી. નિઃસ્પૃહ મહાત્માઓના સમયોચિત સદુપદેશથી આવો અદ્ભુત લાભ થાય છે ! !

વળી શ્રી **વસ્તુપાળ મંત્રીશ્વર** દરેક વર્ષમાં ત્રણ વાર શ્રી સંઘને અત્યંત આદરપૂર્વક નિમંત્રી વિવિધ વસ્ત્ર અલંકારાદિવડે પોતાની સર્વ શક્તિથી શ્રી સંઘની પૂજા ભક્તિ કરતા હતા. અને પૂર્વે 'અનુકંપાદાનના અધિકારે' કહેવામાં આવ્યું છે તેમ **જગડુશાહ** પ્રમુખ અનેક **ઉદારાશય સજ્જન શ્રેષ્ઠાં** જનોએ સ્વ સાધર્મી ભાઇઓનો બહુ પેરે ઉદ્ધાર કર્યો છે. તે વાત વિસરી જવી જોઇતી નથી.

પ્ર૦—શ્રી સંઘના ચરણની રજ પણ પવિત્ર ગણી છે, તે શી રીતે ?

ઉ૦—ચતુર્વિધ શ્રી સંઘને પવિત્ર–જંગમ તીર્થરૂપજ કહેલો છે. જ્યારે શત્રુંજયાદિક સ્થાવર તીર્થની રજ પ્રમુખ પવિત્ર કહેલી છે તો શ્રી તીર્થંકર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભગવાનની પવિત્ર આજ્ઞાને શીર્ષ ઉપર વહન કરનાર આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકારૂપ શ્રી સંઘની ચરણરજ પવિત્ર હોય એમાં તો કહેવુંજ શું? આવો શ્રી સંઘ વળી શત્રુંજયાદિક તીર્થ પ્રત્યે યાત્રાર્થે ગમન કરતો હોય ત્યારે તો ઉજ્વળ શંખમાં દુધ ભર્યું અથવા સુવર્ણ સાથે રત્ન જડયું જાણવું. એ તો વિશેષે સત્કારપાત્ર છે. કહ્યું છે કે "શ્રી તીર્થ પ્રત્યે જતા યાત્રિકોના ચરણની રજવડે ભવ્ય જનો પાપ કર્મરહિત નિર્મળ થાય છે, તીર્થો વિષે પરિભ્રમણ કરવાથી ભવમાં ભ્રમણ કરવું પડતું નથી–ભવ ભ્રમણની ભીતિ દૂર થાય છે. તીર્થભૂમિમાં દ્રવ્ય ખરચવાથી લક્ષ્મી સ્થિર થાય છે અને ત્યાં તીર્થપતિ શ્રી જિનેશ્વર ભગવંતની અર્ચા–પૂજા કરવાથી ભવ્ય જનો જગત્પૂજ્ય થાય છે."

પ્ર૦—સાધર્મી વાત્સલ્ય વર્તમાન સમયે કેવા દૃષ્ટાંતથી કરવું જોઇએ?

ઉ૦—જેમ સુરગિરિમાં રહેતા સા૦ જગસિંહે ૩૬૦ સાધર્મી જનોને પોતાની રાશિમાં વ્યાપાર કરાવવાવડે તેમને પોતાની જેવા મહા શ્રેષ્ઠી બનાવ્યા હતા તેમ વર્તમાન સમયે સાધર્મી વાત્સલ્ય કરી બતાવવું જોઇએ. અને પૂર્વે થઇ ગયેલા અનેક ઉદારાશય, શ્રેષ્ઠ જાવડ, મંત્રી ઉદયન, બાહડદે, પેથડ, ઝાંઝણદે, જગડુશા તેમજ ભીમાશાહ પ્રમુખનાં દૃષ્ટાંતો ગ્રહી ભાગ્યવંત જનોએ અત્યારે સમયોચિત સાધર્મી વાત્સલ્યવડે સ્વજન્મ સફળ કરી લેવો જોઇએ. કેવળ ગતાનુગતિકતા હવે તજી દેવી જોઇએ. વર્તમાન દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને લક્ષમાં રાખી ખાસ પોષણ કરવા યોગ્ય સીદાતા ક્ષેત્રનું પોષણ કરનારા સમયજ્ઞ સજ્જનોજ પ્રશંસાપાત્ર છે.

પ્ર૦—મહા શ્રાવક કોણ કહેવાય? તેનાં કેવાં લક્ષણ કહ્યાં છે?

ઉ૦—"શ્રાવક યોગ્ય દ્વાદશ વ્રતોનું વિધિવત્ પાલન કરે, પ્રસિદ્ધ સાત ક્ષેત્રોમાં સ્વધન વાવે અને અતિ દીન દુઃખી જનો ઉપર ખાસ કરીને અનુકંપા રાખે, તેમાં પણ સીદાતા સાધર્મી જનોનો હરેક રીતે ઉદ્ધાર કરે તે **મહા શ્રાવક** કહેવાય છે." એ રીતે શ્રી હેમચંદ્ર સૂરિજીએ '**યોગશાસ્ત્ર**' માં પ્રકાશેલું છે.

પ્ર૦—શ્રી જિનેશ્વર પ્રભુની પૂજા કરવાથી શો લાભ થાય છે?

ઉ૦—શ્રી જિનેશ્વર પ્રભુની પૂજા–સેવા કરવાથી ચિન્તામણિ રત્નનીપેરે સર્વવાંછિત પૂર્ણ થાય છે, જગત્માં પરમ પૂજ્યભાવને પામે છે, ધનધાન્યાદિક ઋદ્ધિ અને કુટુંબ પરિવાર, માન મહત્વ, પ્રતિષ્ઠાદિકની વૃદ્ધિ પામે છે; તેમજ વળી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેથી જય, અભ્યુદય, રોગોપશાન્તિ, સન્તાન પ્રમુખ મનોભીષ્ટ અર્થની સિદ્ધિ થઇ શકે છે. માટે ભાગ્યવંત ભાઈ બ્હેનોએ પ્રમાદ દોષ દૂર કરીને ત્રિકાળ પ્રભુ-પૂજા-ભક્તિ યથાવિધ કરવા તત્પર રહેવું યુક્ત છે.

પ્ર૦—**પ્રભાવના** કોને કહીએ ? અને પ્રભાવનાથી કેવા લાભ થઈ શકે ?

ઉ૦—અઠ્ઠાઇ મહોત્સવ, સ્નાત્ર ઉત્સવ, શ્રી પર્યુષણા કલ્પ ચરિત્ર પુસ્તકનું વાંચવું, તથા સીદાતા સાધર્મી જનોને પુષ્ટ આલંબન આપી તેમનો ઉદ્ધાર કરવો એ વિગેરે જેથી શ્રી જિનશાસનની ઉન્નતિ થાય તે સર્વ **પ્રભાવનાજ** જાણવી. ભાવના કરતાં પ્રભાવના અધિક છે કેમકે ભાવના તો કેવળ પોતાનેજ લાભકારી થાય છે ત્યારે **પ્રભાવના** તે સ્વપર ઉભયને લાભકારી થાય છે.

પ્ર૦—શ્રી જિનમંદિરે દર્શનાર્થે જતાં અનુક્રમે કેટલું ફળ મળે છે ?

ઉ૦—શ્રી જિનમંદિરે જવા મન કરતાં એક ઉપવાસનું ફળ, જવા ઉઠતાં બે ઉપવાસનું, જવાનો પ્રારંભ કરતાં ત્રણ ઉપવાસનું, માર્ગે ગમન કરતાં ચાર ઉપવાસનું, માર્ગમાં થોડુંક ગયે છતે પાંચ ઉપવાસનું, અર્ધ પંથે આવ્યે છતે ૧૫ ઉપવાસનું, જિનભવન સાક્ષાત્ નજરે દીઠે એક માસ ઉપવાસનું, જિન-ભવને આવી પહોંચતાં છ માસ ઉપવાસનું અને જિનમંદિરમાં દાખલ થયે છતે એક વર્ષ ઉપવાસનું ફળ ભાગ્યશાળી આત્મા મેળવે છે. વળી શ્રી જિના-લયમાં આવી જયણાપૂર્વક **પ્રમાર્જન** ( ભૂમિશુદ્ધિ ) કરતાં અથવા પ્રભુપ્રતિ-માના અંગે જરૂર પૂરતી શુદ્ધિ કરતાં ૧૦૦ વર્ષ ઉપવાસનું ફળ, શીતલ બાવ-નાચંદનાદિકવડે પ્રભુના અંગે **વિલેપન** કરતાં ૧૦૦૦ વર્ષ ઉપવાસનું ફળ, સરસ સુગંધી અને તાજા પુષ્પોની **માળા** પ્રભુના કંઠે આરોપતાં લાખ વર્ષ ઉપવાસનું ફળ અને પ્રભુ સાથે તાન મેળવી **ગીતવાદિત્ર** ( સંગીત ) કરતાં અનંત ઉપ-વાસજન્ય ફળ મળે છે. તેમજ પૂજા કોટિ સમાન ફળ સ્તોત્ર કહેવાથી, સ્તોત્ર કોટિ સમાન ફળ જપ કરવાથી, જપ કોટિ સમાન ફળ ધ્યાન કરવાથી અને ધ્યાન કોટિ સમાન ફળ સમાધિયોગથી પ્રાપ્ત થઈ શકે છે. દ્રવ્યસ્તવને આરાધી ઉત્કૃષ્ટપણે અચ્યુત ( બારમા ) દેવલોકે જઇ શકાય છે ત્યારે ભાવસ્તવવડે અંતર્મુહૂર્તમાં નિર્વાણપદ મળી શકે છે.

પ્ર૦—દ્રવ્ય અને ભાવ સ્તવરૂપ ધર્મ આરાધન કરવાની શી મર્યાદા કહી છે?

ઉ૦—શાસ્ત્રમાં અધિકારી પરત્વે ( યોગ્યતા પ્રમાણે ) ધર્મ સાધવાની મર્યાદા બતાવી છે. એટલે કે ગૃહસ્થોને દ્રવ્ય સ્તવનાં અધિકારી કહ્યા છે ત્યારે મુનિ જનોને ભાવ સ્તવના અધિકારી જણાવ્યા છે.

પ્ર૦—પ્રભુની પાસે નાચ કરતાં શો લાભ થાય અને કોની પેરે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉ૦—અદ્‌ભૂત ભાવથી પ્રભુ પાસે નાચ કરતાં **રાવણુની** પેરે તીર્થંકર નામકર્મ ઉપાર્જી શકાય. શ્રી અષ્ટાપદ પર્વત ઉપર શ્રી ભરતેશ્વરકારિત ચૈત્યમાં શ્રી ઋષભાદિક ચોવીશે ભગવાનની મહા પૂજા રચીને **રાવણુ, મન્દોદરી**પ્રમુખ ૧૬૦૦૦ અંતેઉરી સંગાતે નૃત્ય કરતો હતો તેવામાં સ્વ**વીણાતંત્રી** તુટી ગઇ. ત્યારે જિનેશ્વર પ્રભુના ગુણ ગાનમાં લાગેલા રંગનો ભંગ થવાના ભયથી રાવણે પોતાની નસ ખેંચીને તેને સાંધી દીધી. એ રીતે અખંડ પ્રભુભક્તિવડે તેણે તીર્થંકર નામકર્મ ઉપાર્જી લીધું. તેથી તે આગળ ઉપર મહાવિદેહ ક્ષેત્રમાં તીર્થંકર થશે. એમ સમજીને સહૃદય ભાઈ બ્હેનોએ વિવિધ પ્રકારે પ્રભુપૂજા–ભક્તિમાં પ્રયત્નશીલ થવું.

પ્ર૦—સામાન્ય રીતે જિનપૂજા કેટલા પ્રકારની છે અને તેનો કેવો પ્રભાવ છે?

ઉ૦—સામાન્ય રીતે જિનપૂજા ત્રણ પ્રકારની છે. ૧ અંગ પૂજા, ૨ અગ્ર પૂજા અને ૩ ભાવ પૂજા. (વિશેષ પ્રકારે તો તે દરેક પૂજાના અનેક ભેદો હોઇ શકે છે.) તેમાં પહેલી **વિઘ્નોપશામિની** (વિઘ્નને દૂર કરી નાંખનારી), બીજી **અભ્યુદય** (લક્ષ્મી, લીલા, માન પ્રતિષ્ઠાદિ મહત્ત્વ તેમજ ઉચ્ચ ગતિ) ને આપનારી તથા ત્રીજી અક્ષય અવ્યાબાધ શાશ્વત **શિવપદને** સમર્પનારી છે એમ જાણવું.

પ્ર૦—વિશેષ રીતે શાસ્ત્રમાં કયા કયા પ્રકારે પૂજા કહેલી છે?

ઉ૦—**પંચ પ્રકારી, અષ્ટ પ્રકારી, સત્તર પ્રકારી, એકવીશ પ્રકારી,** ૧૦૮ પ્રકારી, યાવત્ **સર્વ પ્રકારી** પ્રભુ પૂજા વિવિધ **પ્રભાવવાળી** શાસ્ત્રમાં વર્ણવી છે. અને તે **સર્વ આશંસા રહિતપણે** કરનારા ભવ્ય જનો **વિશ્વવંદ્ય** થાય છે. તે દરેકનો હેતુ સહિત અધિકાર **પૂજાસંગ્રહાદિકથી ગુરૂગમ્ય** જાણી લેવો.

પ્ર૦—કુમારપાળ રાજાએ પૂર્વ ભવમાં શું સુકૃત કર્યું હતું?

ઉ૦—તેણે પૂર્વ ભવમાં પોતાની મૂડી–પાંચ કોડીથી ચંપાનાં ૧૮ ફૂલ લહી તે પુષ્પવડે શ્રી વીતરાગ પ્રભુને પૂજ્યા હતા, તે પુન્યના પ્રભાવથી તે ૧૮ દેશના મહારાજા થયા.

પ્ર૦—જિનભવનમાં નિસ્સિહી પૂર્વક પ્રવેશ કરી પ્રદક્ષિણાદિક દેવાથી શું ફળ થાય છે?

ઉ૦—પ્રદક્ષિણા જયણાપૂર્વક કરતાં ૧૦૦ ઉપવાસનું ફળ, પ્રભુનાં પ્રગટ દર્શન કરતાં ૧૦૦૦ ઉપવાસનું ફળ અને પરમ પ્રમોદપૂર્વક પ્રભુને વંદન કરતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો અનંત પુન્ય ઉપાર્જી શકાય છે. તેથી જિનદર્શનાદિક યથાવિધ કરવાં જોઇએ.

પ્ર૦—શ્રાવકોનો મુખ્ય શૃંગાર કયો કહ્યો છે?

ઉ૦—શ્રી જિનપૂજા, વિવેક, સત્ય, શૌચ અને સુપાત્ર દાન એજ શ્રાવકપણાનો ખરો પ્રભાવિક શૃંગાર જાણવો.

પ્ર૦—ધર્મનું સંક્ષિપ્ત લક્ષણ શું છે? અને તેનો કેવો પ્રભાવ છે?

ઉ૦—અહિંસા, સંયમ અને તપ લક્ષણવાળો ધર્મ દુનિયામાં ઉત્કૃષ્ટ મંગળરૂપ છે. તેમાં જેનું ચિત્ત સદાય રમ્યા કરે છે તેને દેવતાઓ પણ નમસ્કાર કરે છે તો પછી બીજાઓનું તો કહેવું જ શું? ધર્મના પ્રભાવથી ધમ્મિલાદિકની પેરે ઇચ્છિત સુખસંપદા સહેજે સંપ્રાપ્ત થાય છે.

પ્ર૦—અહિંસા, સંયમ અને તપનું સંક્ષિપ્ત સ્વરૂપ સમજાવો.

ઉ૦—વિષય કષાયાદિક પ્રમાદને વશ થઇ મન વચન કે કાયાથી થતા પ્રાણઘાતથી વિરમવું અને સહુ જીવ ઉપર સમાન ભાવ રાખી આત્માના સ્વાભાવિક જ્ઞાનાદિક ગુણોની રક્ષા કરવી તે **અહિંસા**. પાંચે ઇંદ્રિયોને દમવી, ચારે કષાયો જીતવા, હિંસાદિક પાંચે અવ્રતો તજવાં અને મન, વચન, કાયાની શુદ્ધિ કરવી તે **સંયમ** અને જ્વલંત અગ્નિવડે જેમ સદોષ સુવર્ણ શુદ્ધ થઇ શકે છે તેમ ઇચ્છાનિરોધપૂર્વક સમતાસહિત જે બાહ્ય અભ્યંતર અનુષ્ઠાનવડે મલીન આત્માને નિર્મળ કરવામાં આવે તે **તપ**. ઇતિ શમ્.

# वनस्पतिमां जीवत्व.

હાલનો જમાનો શાસ્ત્ર કરતાં યુક્તિને વધારે પસંદ કરે છે. શાસ્ત્રમાં ગમે તેમ કહ્યું હોય પણ જો તે યુક્તિથી સિદ્ધ થતું ન હોય તો તેને માનતાં આંચકો ખાય છે. માત્ર શાસ્ત્રોક્ત હકીકત માનનારની શ્રદ્ધાને હાલના જમાનાવાળા આંધળી શ્રદ્ધા તરીકે ઓળખે છે. આવી માન્યતાના પાયામાં એક મોટી ખામી એછે કે–યુક્તિને તૈયાર કરવા માટે પ્રથમ શાસ્ત્રના અભ્યાસની જરૂર છે. ન્યાયાદિકના અભ્યાસવિના અમુક હકીકત યુક્તિથી સિદ્ધ છે કે નહીં તે ચોક્કસ કહી શકાતું નથી. નવા જમાનાવાળા ધર્મશાસ્ત્રના અભ્યાસની બાબતમાં બહુધા પ્રમાદવાળા અને નિરાદરવાળા હોયછે. તેઓ પોતે વ્યવહારિક અભ્યાસ જે કરેલો હોય તેનાથી ઉદ્ભવેલી તર્કશક્તિ દરેક હકીકતમાં દોરવે છે પરંતુ ઇંજીનીયર લાઇનવાળાની તર્કશક્તિ જેમ દરદીને જોવામાં–તેના વ્યાધિનો નિર્ણય કરવામાં ચાલી શકતી નથી તેમ ધર્મશાસ્ત્રના બીલકુલ અભ્યાસ શિવાય તેમાં બતાવેલા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇંદ્રિયગોચર અને અતીંદ્રિય એમ બંને પ્રકારના પદાર્થોના સ્વરૂપના સંબંધમાં વ્યવહારિક કેળવણીથી ઉદ્‌ભવેલી તર્કશક્તિ પુરતું કામ કરી શકતી નથી.

હાલના જડવાદીઓની મોટી સંખ્યાવાળા જમાનામાં મનુષ્યમાં પણ જીવત્વ અને પુનર્જન્મ પણ કેટલાક દેશોમાં માનવામાં આવતું નથી તોપછી પશુમાં અને માખી મચ્છર કીડી મકોડા માંકણ તેમજ એળ ને અળસીયાં જેવા ઝીણા જંતુઓમાં તેમજ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ કે વનસ્પતિમાં જે જીવત્વ અને પુનર્જન્માદિક માનવું તે તો અત્યંત મુશ્કેલ હકીકત છે. સદ્‌ભાગ્યે ઘણા ખરા આર્યશાસ્ત્રો તો એ બધામાં જીવત્વ માને છે પરંતુ તેની હિંસાથી લાગતા પાપના સંબંધમાં કેટલાક પશુઓની હિંસામાંજ પાપ માનીને અટકે છે, કેટલાક તેનાથી આગળ વધીને બેઇંદ્રિય, તેઇંદ્રિય અને ચૌરેંદ્રિય જીવોમાં જીવ માને છે પરંતુ તેની હિંસામાં તો બેદરકાર રહેછે. ઉપરાંત પૃથ્વી પાણી વિગેરેમાં જીવત્વ માનનારા અને તેની હિંસા પણ નિષ્કારણ નહીં કરનારા તેમજ સકારણ પણ જેમ બને તેમ ઓછી વિરાધના કરવાના વિચારવાળા માત્ર જૈનોજ છે એમ કહીએ તો તેમાં કાંઇ અતિશયોક્તિ જેવું નથી.

પૃથ્વી પાણી વિગેરે સ્થાવર છે. તેમાં જીવ માનવા માટે અનેક શાસ્રાધાર છતાં યુક્તિવાદીઓનું મન તેમ માનતાં અચકાય છે. આ એકેંદ્રી જીવોમાં જીવત્વ બતાવવાને માટે તેના એક ભેદરૂપ વનસ્પતિદ્વારા પ્રયત્ન કરવામાં આવેલ છે.

પૃથ્વી પાણી વિગેરે પાંચે સ્થાવરમાં સાત્મકત્વ યુક્તિયુક્ત છે તથાપિ વનસ્પતિમાં જે સાત્મકત્વ છે તે સ્થૂળ દૃષ્ટિવાળાને પણ ગમ્ય છે, તેથી તેનું દિગ્માત્ર દર્શન અહીં કરાવવામાં આવે છે. તે અનુસારે બીજા એકેંદ્રી જીવોમાં પણ ચેતના સમજી લેવી.

૧ વૃક્ષના મૂળમાં જળનું સિંચન કરવાથી તેનો રસ ફળાદિકમાં સ્પષ્ટ જણાય છે તે જો વૃક્ષ ઉચ્છ્વાસ લેતું ન હોય તો તે રસ ઉંચો શી રીતે ચડી શકે? મનુષ્યાદિકમાં રસનું પ્રસર્પણ શ્વાસોચ્છ્વાસ સતે જ પ્રત્યક્ષ જણાય છે અને શ્વાસોચ્છ્વાસના અભાવે મૃતકવિગેરેમાં તેનો અભાવ દેખાય છે. આ પ્રમાણે અન્વય ને વ્યતિરેકથી રસનું પ્રસર્પણ શ્વાસોચ્છ્વાસની ખાત્રી આપે છે. વ્યાપ્ય વ્યાપકવિના હોતું નથી. ઉચ્છ્વાસ આત્માનો ધર્મ છે એ નિર્વિવાદ છે. ધર્મ ધર્મીને ઓળખાવે છે. કેમકે ધર્મ ધર્મીવિના રહેતોજ નથી.

૨ મનુષ્યોની જેમ; વૃક્ષોને પણ દોહદની ઉત્પત્તિ થાય છે અને તેનો દોહદ પૂરાવાથી હર્ષિત થયેલ હોય તેમ તે ફળે છે. અને જો દોહદ પૂરવામાં ન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવે તો તે સુકાતું જાય છે. દોહદ એટલે ઇચ્છા તે આત્માનો ધર્મ છે. તે આત્માને સ્પષ્ટ કરે છે, કેમકે ઇચ્છાવાળા વિના ઇચ્છા હોતી જ નથી.

૩ નિયતપણે સંકોચ ને વિકાસ વિગેરે જે સુર્યવિકાસી ચંદ્રવિકાસી કમળો વિગેરેનો થાય છે તે સંજ્ઞાવાળા આત્માને પ્રત્યક્ષ જણાવે છે. કેમકે સંજ્ઞા શિવાય એ વાત બની શકે નહીં અને સંજ્ઞારૂપ ધર્મ તેના ધર્મી આત્માને સ્ફુટ કરે છે.

૪ મનુષ્યની જેમ વૃક્ષોમાં પણ [1]તારતમ્ય રહેલું છે. જુઓ ! કેટલાક એરંડાની જેવા નીચ વૃક્ષો કહેવાય છે અને કેટલાક આંબાની જેવા ઉત્તમ વૃક્ષો કહેવાય છે. કેટલાક કાંટાની જેવા ઉત્કટ હોય છે ને કેટલાક પુષ્પોની જેવા અત્યંત કોમળ હોય છે. કેટલાક વૃક્ષો કુટિલ ( વાંકા ચુંકા ) હોય છે ને કેટલાક સરલ ( સીધા ) હોય છે. કેટલાક વૃક્ષો કુબ્જ ( નીચા) હોય છે ને કેટલાક દીર્ઘ ( ઉંચા-લાંબા ) હોય છે. કેટલાક [2]સુષ્ટુ વર્ણ ગંધ રસ ને સ્પર્શવાળા હોય છે ને કેટલાક અશુભ વર્ણ ગંધ રસ સ્પર્શવાળા હોય છે. કેટલાક ઝેરી ઝાડ હોય છે અને કેટલાક નિર્વિષ હોય છે. કેટલાક ફળવાળા હોય છે ને કેટલાક નિષ્ફળ-ફળ જ ન થાય તેવા વંધ્ય હોય છે. કેટલાક ઉકરડામાં ઉગેલા હોય છે ને કેટલાક સુંદર ઉદ્યાનમાં ઉગેલા હોય છે. કેટલાક [3]ચિરાયુષવાળા હોય છે ને કેટલાક શસ્ત્રાદિકથી અલ્પ કાળમાં મૃત્યુ પામે તેવા હોય છે. હવે વિચારો કે જો કર્મ ન હોય તો આ પ્રમાણેની વિચિત્રતા શી રીતે હોઇશકે ? કારણમાં જો વિચિત્રતા ન હોય તો કાર્યમાં વિચિત્રતા સંભવે જ નહીં. અને કર્મો જે છે તે કાર્યોવડે તેના કર્ત્તા આત્માને બતાવી આપે છે. કારણકે જેમ ઘડો કુંભાર વિના હોઇ શકતો નથી તેમ કર્મ તેના કર્ત્તા જીવવિના હોઇ શકતા નથી. આ પ્રમાણે વનસ્પતિમાં જીવત્વ સિદ્ધ થાય છે.

૫ વળી વનસ્પતિમાં સાત્મકત્વ, જન્માદિ ધર્મોવડે પણ સિદ્ધ થાય છે. કેમકે મનુષ્યાદિના શરીરની જેમજ તેમાં પણ જન્માદિ ધર્મો રહેલા છે. અનુમાનને આગળ કરીને [4]આગમ પણ વનસ્પતિનું સચેતનપણું સિદ્ધ કરે છે. તે આ પ્રમાણે—

" જેમ મનુષ્યનું શરીર જન્ય ધર્મવાળું છે તેમ વનસ્પતિનું શરીર પણ જન્ય ધર્મવાળું છે કેમકે તે નવું ઉત્પન્ન થાય છે. આ શરીર જેમ વૃદ્ધિ ધર્મવાળું છે તેમ તે પણ વૃદ્ધિ ધર્મવાળું છે કારણકે ઉત્પન્ન થયા પછી વધે છે.

૧ ઉચ્ચ નીચપણા વિગેરે ફેરફાર. ૨ સુંદર-શુભ. ૩ મોટા આયુષ્યવાળા. ૪ શાસ્ત્રો-સિદ્ધાંતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ મનુષ્ય શરીર જેમ શસ્ત્રાદિના ઉપઘાતથી વિનાશ પામે છે તેમ વૃક્ષો પણ શસ્ત્રાદિના ઉપઘાતથી નાશ પામે છે. આ મનુષ્ય શરીર જેમ ચિત્તવાળું છે તેમ તે પણ ચિત્તવાળું છે કારણકે તેને પણ જુદી જુદી ઈચ્છાઓ થાય છે. જેમ આ શરીર છેદાયું થકું પાછું મળી જાય છે તેમ વનસ્પતિનું શરીર પણ છેદાયું થકું પાછું મળી જાય છે–તેનો ઘા રૂઝાઇ જાય છે. જેમ આ શરીર આહાર ગ્રહણ કરે છે તેમ તે પણ આહાર ગ્રહણ કરે છે, કેમકે જો તેને જળાદિકનું પોષણ ન મળે તો તે સુકાઇ જાય છે. જેમ આ શરીર અનિત્ય છે તેમ તે પણ અનિત્ય છે, કેમકે દરેક વૃક્ષ અમુક કાળે તદન નાશ પામી જાય છે. જેમ આ શરીર ચયોપચયવાળું છે એટલે હાનિ વૃદ્ધિ થવાવાળું છે તેમ તે પણ ચયોપચયવાળું છે, કેમકે વૃક્ષ પણ વધે છે અને ઉપઘાતના કારણને પામીને ઘટે પણ છે. જેમ આ શરીર વિપરિણામ ધર્મવાળું છે તેમ તે પણ વિપરિણામવાળું એટલે જુદા જુદા પરિણામને પામવાવાળું છે. જેમ આ શરીરને જન્મ જરા ને મરણ ત્રણ અવસ્થા પ્રાપ્ત થાય છે તેમ વૃક્ષને પણ તે ત્રણે અવસ્થા પ્રાપ્ત થાય છે. તે ઉગે છે, વૃદ્ધ થાય છે ને સુકાઇ જાય છે ( મરી જાય છે. ) જેમ આ શરીર વ્યાધિ, વ્રણ ને તેની ચિકિત્સાવાળું છે તેમ વૃક્ષને પણ વ્યાધિઓ આવે છે, વ્રણ પડે છે ને તેની ચિકિત્સા પણ થાય છે કે જેથી તેમાં આવેલો વ્યાધિ (સળો) દૂર થાય છે; તેમજ વ્રણ રૂઝાઇ જાય છે. આ શરીરને જેમ હાથ પગ વિગેરે અંગોપાંગ છે તેમ વૃક્ષને પણ શાખા પ્રશાખા વિગેરે થાય છે તે તેના અંગોપાંગ છે. મનુષ્ય ( મસ્તક વિના બાકીના ) અંગોપાંગના છેદનાદિથી જેમ એકાએક મરણ પામતું નથી તેમ વૃક્ષ પણ તેની શાખા પ્રશાખાદિના છેદનથી નાશ પામી જતું નથી. જેમ કીડા એળ વિગેરે જીવો તેને સ્પર્શ કરવાથી સંકોચાય છે–પોતાના શરીરને સંકોચે છે તેમ અમુક જાતિની વનસ્પતિ[1] પણ સ્પર્શ કરવાથી સંકોચાય છે. મનુષ્ય જેમ પોતાનું શરીર જાળવવા પ્રયત્ન કરે છે તેમ વેલડી વિગેરે વનસ્પતિઓ પણ પોતાના રક્ષણને માટે વાડ વૃક્ષ કે વંડી વિગેરેનો આશ્રય પામીને તેના પર ચડી જાય છે. મનુષ્ય શરીરને જેમ સ્વાપ ને પ્રબોધાવસ્થા[2] પ્રાપ્ત થાય છે તેમ અમુક વૃક્ષો પણ સંકોચ ને વિકસપણાથી પોતાની સ્વાપ ને પ્રબોધાવસ્થા બતાવે છે. મનુષ્ય જેમ જુદી જુદી વસ્તુઓ ખાવા પીવા ઇચ્છે છે તેમ બકુળ, અશોક, કુરબક, વિરહ, ચંપક, તિલકાદિ વૃક્ષો પણ યથાકાળે યોગ્ય વસ્તુને ઇચ્છે છે અને તેને અનુકૂળ શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શાદિ વિષયની પ્રાપ્તિ થવાથી તે વિકસ્વર થાય છે. ”

૧ રીસામણી વેલ. ૨ નિદ્રીત થવું ને જાગવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પ્રમાણે મનુષ્ય શરીર ને વનસ્પતિ શરીરમાં સમાનતા રહેલી છે.

૬ જેવી રીતે મનુષ્યાદિકમાં દશ સંજ્ઞા પ્રત્યક્ષ જણાય છે તેમ વનસ્પતિમાં પણ આહારાદિ દશ સંજ્ઞા વર્તે છે તે આ પ્રમાણે—

"મનુષ્ય જેમ અનેક વસ્તુઓનો આહાર કરે છે અને તેનાવડે શરીરને ટકાવે છે તેમ વૃક્ષને પણ જળનો આહાર છે–તેના વડેજ તે જીવે છે એ આહાર સંજ્ઞા. અમુક વૃક્ષો સ્પર્શાદિથી સંકોચ પામે છે તે ભય સંજ્ઞા, પોતાના તંતુવડે વેલડીઓ ફળાદિકને વીંટી લેય છે અથવા વેલડી વૃક્ષાદિપર ચડે છે તે પરિગ્રહ સંજ્ઞા, સ્ત્રીના આલિંગનથી કુરબકનું વૃક્ષ ફળે છે તે મૈથુન સંજ્ઞા, કોકનદના વૃક્ષના મૂળમાંથી હુંકારા જેવો શબ્દ ઉઠે છે તે ક્રોધ સંજ્ઞા, રૂદંતી વેલમાંથી પાણીના ટીપાં ઝરે છે તે માન સંજ્ઞા, (તે એમ માને છે કે હું જગત્માં છતાં આ જગત્ દરિદ્રી શા માટે રહે છે? એવા અભિમાનથી તે રૂએ છે.) વેલડી પોતાના ફલોને ઢાંકી રાખે છે તે માયા સંજ્ઞા, બીલ્વ અને પલાશાદિ વૃક્ષો તેના મૂળમાં રહેલા નિધાનને પોતાના મૂળીયાંથી વીંટી વળે છે તે લોભ સંજ્ઞા, કમળ રાત્રે સંકોચ પામે છે તે લોક સંજ્ઞા અને વેલડીઓ માર્ગને તજીને વૃક્ષ ઉપરજ ચડે છે તે ઓઘ સંજ્ઞા.[૩] આ પ્રમાણે વનસ્પતિમાં દશે સંજ્ઞાનો સદ્ભાવ જાણીને તેનામાં જીવ છે એવો નિર્ણય સમજવો. કેમકે અજીવ પદાર્થોમાં એ સંજ્ઞાઓ બીલકુલ હોતી નથી.

૭ વૃક્ષાદિકને દ્રવ્યઇંદ્રી જો કે એકજ છે. પરંતુ ભાવઇંદ્રી તેનામાં પાંચે ઘટી શકે છે તેથી પણ તેનું આત્મકત્વ સિદ્ધ થાય છે. દષ્ટાંત તરીકે બકુલ વૃક્ષ ઝણઝણાટ કરતા નેકરવાળી, ચપળ નેત્રવાળી તેમજ સુંદર આકૃતિવાળી અને વસ્ત્રાભૂષણથી અલંકૃત સ્ત્રીના મુખમાંથી સુગંધી મદિરાના ગંડુષવડે તેમજ તેના પાદઘાતવડે પ્રફુલ્લિત થાય છે. એટલે તેવા પ્રયોગથી તેને તત્કાળ પુષ્પ આવી જાય છે. આવાં નેકરના ઝણઝણાટથી શ્રોત્રેંદ્રીનો, સુંદરાકૃતિ વિગેરેથી ચક્ષુઇંદ્રીનો, સુગંધી મદિરાથી ઘ્રાણેંદ્રીનો, મદિરાના કોગળાના આસ્વાદથી રસેંદ્રીનો અને ચરણ ઘાતથી સ્પર્શેંદ્રીનો તેને બોધ હોવાનું પ્રગટ થાય છે. પરંતુ તેને દ્રવ્યેંદ્રી એકજ હોવાથી તે એકેંદ્રી કહેવાય છે. કેટલાક કવિ કહે છે કે બકુલ વૃક્ષ સ્ત્રીના આલિંગનથી, કેસર વૃક્ષ મદિરાના કોગળાથી ને અશોક વૃક્ષ સ્ત્રીના પાદઘાતથી પુષ્પિત થઈ જાય છે. આ પ્રમાણેની હકીકત તેનામાં જીવત્વ છે એ હકીકતને પુષ્ટ કરે છે.

---

૩ લોક સંજ્ઞા ને ઓઘ સંજ્ઞા બીજી રીતે પણ કહેવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઊપર જણાવેલી તમામ યુક્તિઓને એકત્ર કરીને લક્ષમાં લેવાથી વનસ્પતિમાં જીવત્વ છે એવી બુદ્ધિમાન મનુષ્યોને ખાત્રી થયા વિના રહેશે નહીં એવો અમને ભરૂસો રહે છે. એવી ખાત્રી થયાનું ફળ એ છે કે જો વનસ્પતિમાં અને તેની જેવીજ સ્થિતિવાળા પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુમાં જીવ છે તો પછી તેની વિરાધના–તેનો વિનાશ નિષ્કારણ કરવો નહીં, જરૂરીયાતથી વધારે કરવો નહીં; જરૂરી કારણે કરવામાં આવે ત્યારે પણ તેમ કરતાં સંકોચ પામવો, બની શકે તો તેની વિરાધનાથી તદ્દન દુર રહેવું, સચિત્તાદિકનો ત્યાગ કરીને સચિત્ત પૃથ્વી, પાણી ને વનસ્પતિના ઉપભોગથી વિરમવું અથવા યથાશક્તિ તેનો ત્યાગ કરવો. આ બધાં જાણવાનાં ફળ છે. કેમકે જ્ઞાનનું ફળ વિરતિ છે. વિરતિ ન થાય તો, પ્રાપ્ત કરેલ જ્ઞાન વંધ્ય ગણાય છે. માટે ઉત્તમ જીવોએ આ જ્ઞાન મેળવીને તેને સાર્થક કરવાનો અહર્નિશ પ્રયત્ન કરવો. આટલું લખીને આ લેખ સંપૂર્ણ કરવામાં આવે છે. પૃથ્વીકાયાદિકમાં જીવત્વની સિદ્ધિ કરનારા બીજા કેટલાક હેતુઓ છે તે બીજે પ્રસંગે લખવા ઇચ્છા વર્ત્તે છે. આ હકીકત શ્રી આચારાંગ સૂત્ર, શ્રી વિશેષાવશ્યક, લોક પ્રકાશ વિગેરે શાસ્ત્રમાં ઘણા વિસ્તારથી બતાવવામાં આવેલ છે. આ તો માત્ર તેના નિષ્યંદ તુલ્ય છે. વધારે જાણવાની ઇચ્છાવાળાએ તે શાસ્ત્રોથી જાણી લેવું.

# ઉન્નત દશા મેળવવાનો કુદરતી ઉપાય.

## ( માનસિક વિચારનું બળ )

જે કોઈ પણ વસ્તુ આપણે ઇચ્છતા ન હોઇએ તેમાંથી બહાર નીકળવાનો કુદરતી ઉપાય તેજ છે કે જે વસ્તુ આપણે ઇચ્છતા હોઈએ–આપણને જે પ્રિય હોય તે પ્રાપ્ત કરવા તેના ઉપાયનું ચિંતન કરવું, તે પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો અને તે પ્રયત્નમાં સતત્ વળગી રહી નવી સ્થિતિમાં જે જે જરૂરીઆતની વસ્તુઓ લાગતી હોય તેને વિકસાવવા સંપૂર્ણાંશે મચ્યા રહેવું.

મનુષ્યના જીવનમાં બેજ ગતિઓ શક્ય હોય છે. કાંતો તે આગળ વધે છે–નહિ તો તે પાછો હઠે છે. એકની એક સ્થિતિ ઉપર કોઈ પણ મનુષ્ય કાયમ સ્થીરતાથી ટકતો નથી. કાંતો સુવિચારની શ્રેણીથી ખેંચાઇ શરીરને વશ રાખી તે આગળ વધે છે. અથવા કુવિચારોથી દોરાઈ જઇ તે પ્રાપ્ત સ્થિતિથી પાછો હઠે છે. જે કોઇ પણ આગળ વધતો નથી તે વિરૂદ્ધ દશા અવશ્ય પ્રાપ્ત કરે છે, અને જ્યારે આગળ વધવાના વિચારો તેની માનસિક શક્તિને રોકતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી, ત્યારે પશ્ચાત્ પડવાના વિચારો તેની મગજ શક્તિને આવરે છે-તેમાં ભરાઇ જાય છે. અને તે પાછો પડે છે.

આગળ વધવાની સ્થિતિ જીવનને અનુકૂળ ઇચ્છીત સ્થાનમાં લઇ જવા સમર્થ થાય છે. ત્યારે તેથી વિરૂદ્ધ સ્થિતિ અનીષ્ટ સ્થાનમાં જીવનને ઘસડી જઇ તેને રદ કરી નાંખે છે. અને તે કુમાર્ગે દોરાઈ જઇ પોતાની માનસિક શક્તિને પાયમાલ કરી નાંખે છે. તેથી તેવી કુમાર્ગ ગામી-પાછા હઠવાની વૃત્તિને દૂર કરી, તેવી અનીષ્ટ સ્થિતિથી સદા સંભાળતા રહી જીવનને આગળ વધવાની સ્થિતિ ઉપર મૂકવું તે દરેક સુજ્ઞનું કર્તવ્ય છે. અને તે માટે વિચાર કરી વિચાર શ્રેણીને પણ તેવીજ લાઇન ઉપર ચડાવવી તેમાંજ ખરી વિચક્ષણતા છે.

કનીષ્ટ સ્થિતિને દૂર કરી ઉચ્ચ સ્થિતિમાં આવવા માટે તેવી ઉચ્ચસ્થિતિને સમજવાની અને તેને માટે વિચાર કરવાની જરૂર છે. કનીષ્ટ ને અણગમતી સ્થિતિમાંથી બહાર આવવા માટે કુદરતી ઉપાય એજ છે કે જે સ્થિતિ પ્રાપ્ત કરવા માટે તમે ઇચ્છતા હો-જેને માટે તમારી માનસિક લાગણી ખેંચાતી હોય-તે સ્થિતિ અથવા તે ગુણને પ્રાપ્ત કરવા અને વિકસાવવા તમારે તમારૂં સંપૂર્ણ લક્ષ તે બાબત ઉપર આપવું. અને જે સ્થિતિ દૂર કરવી હોય તેના તરફ દુર્લક્ષ રાખી તેનો સહજ પણ વિચાર તમારા મનનાં ન આવવા દેવો. જે ઇપ્સિત હોય તેના તરફ સંપૂર્ણ લક્ષ આપી અનિચ્છીત તરફ દુર્લક્ષ રાખવાથી તે તમારાથી તરતજ દૂર થઈ શકશે. જે બાબતોનો આપણે વારંવાર વિચાર કરીએ છીએ તેના તરફજ મન ખેંચાય છે; તેથી વિરૂદ્ધ બાબતનો ખ્યાલ કરવાથી આપણે પાછા હઠશું, પણ જેનો ખપ હોય-જે એષણીય હોય તેનો વિચાર કરવાથી આપણે તે બાબતની પ્રાપ્તિ માટે તેના તરફ આગળ વધીશું. આ બાબતનાં દૃષ્ટાંત તરીકે કેટલીએક સમજવા લાયક બાબતોનો વિચાર યોગ્ય થઈ પડશે.

કોઇ પણ વ્યાધિમાંથી મુક્ત થવાનો કુદરતી ઉપાય તે વ્યાધિના વિચારને સદંતર નમસ્કાર કરવો અને સંપૂર્ણ આરોગ્યની સુવિચારશ્રેણીને મનમાં ચિંતવવી તેજ છે. તેનાથી થયેલો અને થવાનો સર્વ વ્યાધિ દૂર થાય છે-નાશ પામી જાય છે. જેમ જેમ મન તંદુરસ્તી પ્રાપ્ત કરવાનાં આનંદી ખ્યાલમાં રટણ કરે છે તેમ તેમ વ્યાધિની નકામી ગભરામણ ઓછી થતી જાય છે, અને જેવી ઉચ્ચ સ્થિતિની કલ્પના કરી શકીએ તેવી ઉત્કૃષ્ટ સ્થિતિવાળા આરોગ્યનો મનમાં દૃઢતા પૂર્વક વિચાર કરવાથી છેવટે આવેલ વ્યાધિ તદ્દન નિર્મૂળ થાય છે. અને જે વ્યાધિ થવાની બીક લાગતી હોય તે બીક ટળી જાય છે અને વ્યાધિ અસર કરતો નથી.

આવીજ રીતે જે વસ્તુ તરફ આપણો અભાવ હોય-આપણને પસંદ પડતી ન હોય તે વસ્તુને સદાને માટે દૂર કરવાનો કુદરતી ઉપાય વિચાર શક્તિને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે તરફ બીલકુલ પ્રવર્તવા ન દેવી તેજ છે. સર્વ આધિ અને વ્યાધિ દૂર કરવા માટે તે નૈસર્ગિક ઉપાય છે, અને તે એજ છે કે પૂર્ણ આરોગ્ય અને સંપૂર્ણતાનાજ એકાંત ઉચ્ચ વિચારોમાં મનની સ્થાયી પ્રવૃત્તિને જેમ બને તેમ વધારવી.

જ્યારે તમને વધારે શું ગમે છે–તેનો નિર્ણય કરવામાં તમે નાસીપાસ થાઓ, ત્યારે વધારે ઉત્તમ ઉત્તમની ઇચ્છા કરવી અને ઉચ્ચતમ વસ્તુની પ્રાપ્તિ માટે મન, વચન અને કાયાની સર્વ શક્તિને દબાણ કરીને તે તરફજ પ્રેરવી. નાસીપાસીમાંથી છુટા થવાનો આ કુદરતી ઉપાય છે–આ ઉપાયથી નાસીપાસી સદાને માટે દૂર થવા ઉપરાંત બીજી ઉચ્ચ વિચારની શ્રેણીમાં તમારી માનસિક પ્રવૃત્તિ થવાથી પણ તમને બહુ લાભ થશે. અને પરિણામે આ કુદરતી ઉપાય યોજવાથી તમે એક ઉત્તમ વિચારક થવા ઉપરાંત ઉત્તમ કાર્ય કરનારા પણ થશો.

તમારી શક્તિનો ઉત્તમોત્તમ વ્યય થાય તેવી રીતે વર્તો કે જેથી તમે સત્વરજ ફતેહ પ્રાપ્તિ કરશો. એટલું ધ્યાનમાં રાખવાનું છે કે તમારૂં સર્વ લક્ષ જે મહાન્ શક્તિ, બળ કે બુદ્ધિ તમે પ્રાપ્ત કરવા ઇચ્છતા હો તેના ઉપરજ આપવું. તમારી પોતાની શક્તિની કિંમત વધારજો. તમે કાંઈ પણ કરી શકતા નથી–અથવા તમે તે મહાન્ કાર્ય કેવી રીતે કરી શકશો ? તેવા કનીષ્ટ વિચારને તિલાંજલી આપી તમે સર્વ કરવા શક્તિવાન્ છો–જે કાંઇ પ્રાપ્ત કરવું હોય તેને માટે સંપૂર્ણ ઉદ્યમ કરવાની તમારામાં શક્તિ છે તેવું દ્રઢાગ્રહથી માનજો–અને સર્વ કાર્ય આરંભજો; પ્રાંતે કોઇપણ કાર્યમાં મુશ્કેલી વગર ફળીભૂત થવા તમે સંપૂર્ણાંશે શક્તિવાન્ થશો.

જ્યારે કોઇ દુઃખથી ઘેરાયેલા હો, કોઈ દુઃખ પ્રબળ જોરથી તમારા ઉપર સત્તા ચલાવતું હોય, ત્યારે પણ સર્વ વસ્તુઓ સાથે સંપૂર્ણ માનસિક શાંતિથી કાર્ય લેજો અને આગળ વધજો. તમારાં જીવનને, તમારા વિચારને અને તમારા કાર્યને શાંતિથી આગળ વધારજો, એટલે તમારા આખા વર્તનમાં શાંતિનું સામ્રાજ્ય ફેલાઇ જશે. જ્યારે આ પ્રમાણે આગ્રહપૂર્વક તમે શાંતિ રાખી કાર્યમાં પ્રવૃત્તિ રાખશો, ત્યારે દુઃખો પણ શાંત પડી જશે અને પછીથી તે તમારી વિરૂદ્ધ કાર્ય કરવાને બદલે તમને અનુકૂળ થઇ જઇ તમને આનંદ મળે તેવી જાતનું કાર્ય તે પણ કરવા ઉદ્યુક્ત થશે. સારાંશ કે સંપૂર્ણ શાંતિથી ગમે તેવા કષ્ટને તમે તરતજ જીતશો. અને ફરીથી તેવી કષ્ટદાયક સ્થિતિ સદાને માટે તમારાથી દૂર રહેશે.

જ્યાં સુધી કષ્ટ માટે તમે વિચાર કર્યા કરો છો, તે આવશે તો શું થશે ? ઇત્યાદિ દિલગીરી ઉપજાવે તેવા વિચારમાં તમે મશગુલ રહો છો ત્યાં સુધી જ વિપત્તિ આવે છે–આવવા સમર્થ થાય છે. તેની સર્વ વિચારણા પડતી મૂકો,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેના તરફ બેદરકાર રહી સુખનાજ ખ્યાલમાં ભ્રમણ કરો, એટલે આવી પડેલું લાગતું કષ્ટ પણ સુખદાયી નીવડશે. કષ્ટ–આપત્તિ સાથેનો કજીયો તમે મૂકી દો અને પરિપૂર્ણ શાંતિ–સંતોષના વિચાર સ્થિર ચિત્તથી સેવો, એટલે તરતજ કષ્ટદાયી સર્વ સ્થિતિઓ તરતજ સુખદ સ્થિતિમાં ફરી જશે. આથી ધ્યાન રાખશો કે મનમાં શાંતિ રાખવાથી, આનંદ–સુખના વિચારોનું આસેવન કરવાથી તમે વિપત્તિને તરી જશો, એટલું જ નહિ પણ તમે તેને એક સુદૃઢ મિત્ર તરીકે ફેરવી નાંખી તમારા માટે એક ઉત્તમ સહાયક તેને બનાવશો. આવેલ વિપત્તિ દૂર કરવાનો–તેમાંથી બહાર નીકળવાનો આ કુદરતી ઉપાય દરેક મનુષ્યે અવશ્ય આદરવા લાયક છે.

સૃષ્ટિમાં સર્વત્ર આનંદના ભંડારો જ ભરેલા છે. દરેક વસ્તુમાં બે બાજુ હોય છે. કાળી અને ધોળી. કાળી બાજુ દુઃખ ઉત્પન્ન કરાવે તેવા વિચારમાં મનુષ્યને ખેંચી જાય છે. તેથી વિરૂદ્ધ ધોળી બાજુ સુખોત્પાદક વિચારશ્રેણી માટે મનુષ્યને લાયક બનાવી આનંદ ઉપજાવે છે. તમારૂં સર્વ લક્ષ તે ધોળી–સુખી બાજુ તરફ જ ખેંચજો, કાળી બાજુ તરફ દુર્લક્ષજ રાખજો, એટલે સંસારમાં રહેલ આનંદ તમને સદા માટે પ્રાપ્ત થશે. તેવી સુખી સફેત બાજુ નીરખવાથી સર્વ દુઃખોને, દિલગીરીને અને સંતાપોને તમે દૂર કરી શકશો અને તમારા મનમાં શાંતિનું સામ્રાજ્ય ફેલાશે.

સર્વત્ર સર્વને માટે વધારે અને વધારે પ્રેમની લાગણી કેળવવાથી જે કાંઇ તમારી આસપાસ દ્વેષની લાગણી તમારે માટે ઉત્પન્ન થઇ હશે તે દૂર કરી નાંખવા તમે શક્તિવાન્ થશો. જે મનુષ્ય પાસેથી દયા, માયાળુપણું અને પ્રેમના નિર્ઝરણા વહેતાં હોય, તેના તરફ કોઇ પણ માણસ દ્વેષની–ધિક્કારની લાગણી ધરાવી શકતું નથી. તેવી સર્વની લાગણી સદંતર ઉડી જાય છે અને સર્વ મનુષ્ય તેના તરફ પ્રેમનીજ લાગણીથી જુએ છે. સર્વ મનુષ્ય માટે પ્રેમ કેળવો, પ્રેમની ભાવના ભાવો, પ્રેમના વિચારોને સ્થાન આપો, પ્રેમનેજ મનોરાજ્યનો અધિષ્ઠાતા બનાવો, એટલે તમને પ્રાંતે બદલામાં પણ તેજ મળશે. દ્વેષરૂપી દરવાજામાંથી બહાર નીકળવાનો કુદરતી ઉપાય તેજ છે.

જ્યારે તમને એમ લાગે કે તમે દ્વેષ, અન્યાય અથવા ખટપટના ભોગ થયા છો–કોઇ દ્વેષથી તમારી તરફ તેવી વર્તણુક ચલાવે છે; ત્યારે તેવા દેખીતા અન્યાય તરફ પણ દુર્લક્ષ કરી તેવા મનુષ્યોપ્રતિ પણ ઉત્તમ પ્રેમમય લાગણી ફેલાવો, તેને પ્રેમથી ચાહો, તમારૂં મન તેના તરફ પણ પ્રેમમય વિચારશ્રેણી ચલાવે તેવું તેને કેળવો. એટલે તમારા તરફની સર્વ દુષ્ટ લાગણીનો નાશ થઇ જશે અને અમોઘ ફલદાયી પ્રેમ તમને સર્વત્ર આનંદ દર્શાવશે. જેવી રીતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અંધકારમાં દીવાનો પ્રકાશ પડે છે તેવી રીતે સામા મનુષ્યના હલકા વિચારોમાં પણ પ્રેમનો પ્રકાશ પડશે; અને તે દ્વેષાદિકથી થયેલા અંધકારનો પ્રેમમય દીવાથી સદંતર નાશ થશે.

કોઇ પણ દુષ્ટ કૃત્યની માળા કદી પણ થવું નહિ, તે સંબંધી જરા વિચાર પણ લાવવો નહિ, સુકૃત્યો અને સારા પરિણામોનો વિચાર કરવાથી દુષ્કૃત્યો સ્વતઃ જ નાશી જશે, સુકૃત્યોની પ્રાપ્ત્યર્થે અને દુષ્કૃત્યોને દૂરીકરણાર્થે મનમાં સુકૃત્યો તરફ પ્રેમ ધરાવવો, આગ્રહપૂર્વક સુકૃત્યોની ગવેષણા કરવી, તેનેજ ઇચ્છવા, અને તેની વિશેષ અને વિશેષ સમજણ પડે, તથા આદર કરી શકાય તે માટે સંપૂર્ણ લક્ષ તેના તરફજ આપવું. દુષ્કૃત્યોને નવ ગજના નમસ્કાર કરવા. જે મનુષ્યો માયાળુ થવાનેજ ઇચ્છે છે, વિચારે છે, તેને માટેજ પ્રયાસ કરે છે, અને તેનીજ આશા રાખે છે, તેને બદલામાં સર્વત્ર સારૂંજ—માયાળુપણુંજ મળે છે.

જ્યારે સર્વત્ર અંધકારજ દેખાતો હોય, ગભરામણ થતી હોય, દિશા સુજતી ન હોય ત્યારે પણ વધારે વધારે પ્રકાશ માટે વિચાર કર્યા કરો. ગભરામણ જેવી વસ્તુ આ સૃષ્ટિમાં કોઇ છેજ નહિ તેમ નિશ્ચય પૂર્વક માનો, સર્વત્ર પ્રકાશજ રહેલો છે તેવું અનુમાન કરો, એટલે તમને પ્રકાશજ મળશે. ધીમે ધીમે સર્વ ગભરામણ દૂર થઇ જશે. અંધકારમાંથી ઝાંખા—આછા પ્રકાશમાંથી ધીમે ધીમે મોટો પ્રકાશ તમારા મનમાં પડશે અને ધારેલ કાર્ય સરળતાથી સંપૂર્ણ કરશો. મુંઝવણ વચ્ચે આવશેજ નહિ.

આ પ્રમાણે મનમાં જે જે વખતે ગુંચવણવાળા પ્રસંગો દેખાતા હોય, વિરૂદ્ધ સ્થિતિ લાગતી હોય, મન અકળાતું હોય, મુંઝાતું હોય, કોઈ કાર્યમાં નિષ્ફળતા નીવડશે એમ લાગતું હોય—ત્યારે તેવી સ્થિતિમાંથી બહાર નીકળવાનો કુદરતી ઉપાય મનને શાંત ભાવમાં—સમતા ભાવમાં રાખી મનને સીધી—સરળ લાઇન ઉપર દોરવવું તેજ છે. મનને તેવી ગુંચવણવાળી સ્થિતિ સંસારમાં છેજ નહિ તેવી રીતે કેળવવું અને જ્યારે મન તેવી રીતે કેળવાશે ત્યારે કોઈ પણ કાર્યમાં મુશ્કેલી રહેશેજ નહિ. કોઈ પણ કાર્યમાં મુશ્કેલી રહેલી જ નથી. સર્વત્ર મનને સુપરિણામે પરિણમાવવાથી—સારા ફળની જ આશા રાખવાથી સારૂં જ થાય છે. સુખો મેળવવાનો અને દુઃખી સ્થિતિમાંથી બહાર નીકળવાનો આ કુદરતી ઉપાય છે. જેમ બને તેમ વધારે તે ઉપાય અજમાવશો તેમ તમે વધારે સુખી થશો.[૧]

**કાપડીયા નેમચંદ ગીરધરલાલ.**

૧ From–Eternal Progress. March.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી સંઘને આમંત્રણ.

## શ્રી જૈનધર્મ પ્રકાશના અધિપતિ યોગ્ય.

નીચેની હકીકત આપના પ્રસિદ્ધ પત્રમાં પ્રગટ કરશો.

જાવક નંબર ૧૪૦૫.

શેઠ. આણંદજી કલ્યાણજીની ઓફીસ–અમદાવાદ. તા. ૫ માહે નવેમ્બર સને ૧૯૧૨. સંવત ૧૯૬૮ના આસો વદ ૧૧ વાર ભોમ

સ્વસ્તિ શ્રી મહાશુભસ્થાને પૂજ્યારાધ્યે શ્રી સંઘસમસ્ત જોગ શ્રી અમદાવાદથી લી૦ શેઠ આણંદજી કલ્યાણજીના જયજિનેંદ્ર વાંચજો. વિશેષ અત્રે આ પેઢીના સ્થાનીક પ્રતિનિધિઓની મીટીંગ મળેલી તેમાં તા. ૧૨ માર્ચ સને ૧૯૧૨ ના રોજ ઠરાવ થયા પ્રમાણે અત્રેથી જાવક નંબર ૬૦૫ તા. ૨૬ એપ્રીલ સને ૧૯૧૨ ના પત્ર સાથે સને ૧૮૮૦ ના પ્રોસીડીંગની નકલ મોકલી તે પ્રોસીડીંગમાં કાંઈ સુધારો વધારો કરવા દુરસ્ત જણાય તો તે લખી મોકલવા સારૂ હિંદુસ્તાનના જુદા જુદા સ્થળના જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘોને લખવામાં આવ્યું હતું. તે પત્રમાં માગ્યા પ્રમાણે સુચનાઓ આવી ચુકી છે, માટે તે ઉપર તથા વહીવટદાર પ્રતિનિધિઓ તરફથી જરૂરી બાબત મુકવામાં આવે તે ઉપર વિચાર કરી ઠરાવ કરવા સારૂ અમદાવાદ મુકામે તા. ૨૮–૨૯ અને ૩૦ ડીસેંબર સને ૧૯૧૨, સંવત ૧૯૬૯ ના માગસર વદી ૫ ને વાર શનિથી વદી ૭ ને વાર સોમ સુધી, દિન ત્રણ આખા હિંદુસ્તાનના સકળ સંઘની મીટીંગ ભરવાનું મુકરર કર્યું છે માટે તે તારીખે પધારશો.

૨ આપના સંઘ તરફથી કોણ કોણ ગ્રહસ્થો કઈ તારીખે અને કઈ ટ્રેનમાં અમદાવાદ આવશે તે નીમેલી તારીખ પહેલાં આઠ દિવસ અગાઉ અમોને પત્ર પહોચે એ રીતે લખી જણાવશો. અને જે ગ્રહસ્થો અત્રે પધારે તેમણે પોતાની (બેડીંગ) પથારી સાથે પધારવું. તા. સદર.

| | |
|---|---|
| કસ્તુરભાઇ મણિભાઈ. | વાડીલાલ વખતચંદ. |
| મનસુખભાઇ ભગુભાઈ. | HARILAL MANCHHARAM |
| દલપતભાઈ મગનભાઈ. | સાંકળચંદ રતનચંદ. |
| લાલભાઇ ત્રીકમલાલ. | |

"ઉપર પ્રમાણેના પત્રો આખા હિંદુસ્તાનમાં દરેક સ્થળના શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘને મોકલ્યા છે. સરત ચુકથી રહી ગયાથી અગર નામફેરના કારણથી અગર બીજા કોઈ પણ કારણથી–કોઇ સંઘને આ પત્ર મળ્યો ન હોય તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સર્વ સંઘોને જાણ થવા સારૂ આ પત્ર જાહેર પેપરોમાં પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેના બીજા પેરેગ્રાફમાં લખ્યા મુજબ જે સંઘ તરફથી અમોને જવાબ મળશે તે જવાબ સદરહુ પત્ર મોકલ્યા ઉપરથી આવ્યો છે એમ ગણવામાં આવશે. તા. ૨૫ નવેમ્બર સને ૧૯૧૨ ”

કસ્તુરભાઇ મણિભાઇ.
Harilal Manchharam.
વહીવટદાર પ્રતિનિધિ.

# ધોળેરામાં ઇનામનો મેળાવડો.

ધોળેરા, ધંધુકાથી દશ ગાઉ દૂર આવેલું શહેર છે. પ્રથમ તો વ્યાપારનું સારૂં મથક હતું; હાલમાં રેલવેથી દૂર પડી જવાને લીધે ત્યાં વ્યાપાર મંદ થઇ ગયેલો છે. શ્રાવક વર્ગ પણ અગાઉ વધારે સંખ્યામાં અને વધારે દ્રવ્યવાન તેમજ ઉદાર હતો. હાલમાં તેની અંદર પણ ક્ષતિ દૃષ્ટિએ પડે છે. ગયા કાર્તિક શુદિ ૮ મે ત્યાં હાલમાં સ્થપાયેલી **શ્રી જૈન જ્ઞાન પ્રવેશક સભા**ના તાબાની **જૈન જ્ઞાન પઠન પાઠન શાળા**ના વિદ્યાર્થીઓને ઇનામ આપવાનો મેળાવડો કરવામાં આવ્યો હતો. આવો પ્રસંગ ત્યાં કવચિત્ પ્રાપ્ત થતો હોવાથી તેને માટે તેમણે બહાર ગામ પણ ઘણા આમંત્રણો મોકલ્યા હતા. એ શુભ પ્રસંગ ઉપર અહીંથી અમારી સભાના પ્રમુખ **કુંવરજી આણંદજી** અને ગાંફના કારભારી **રા. રા. નરશીદાસ નથુભાઇ** વિગેરે ત્યાં ગયા હતા. મેળાવડાની અંદર ધોળેરાના સંભાવિત ગૃહસ્થો **શેઠ રેમતુલાભાઇ** વિગેરે અને **ડાકટર સાહેબ ચુનીલાલભાઇ** વિગેરે પધાર્યા હતા. જૈન સમુદાયના તો તમામ આગેવાનોએ હાજરી આપી હતી. પ્રમુખસ્થાન રા. રા. નરશીદાસભાઇને આપવામાં આવ્યું હતું. પ્રસંગને અનુસરતું ભાષણ મી. કુંવરજી આણંદજીએ તેમજ ત્યાંના કેટલાક ભાઇઓએ કર્યું હતું. પ્રમુખે પણ જ્ઞાનાભ્યાસના સંબંધમાં ઘણું વિવેચન કર્યું હતું અને આપણી ઉન્નતિને માટે ધાર્મિક કેળવણી સાથે વ્યવહારિક કેળવણીની અત્યંત આવશ્યક બતાવી તેને માટે એક ફંડ સ્થાપવાની યોજના પ્રદર્શિત કરી હતી. એ બાબત તરતમાં વિચારપર રહેવાથી તેમણે તેમજ મી. કુંવરજી આણંદજીએ રૂ. ૫૧)–૫૧) વિદ્યાર્થીઓના ઉત્તેજન માટે આપવાનું જાહેર કર્યું હતું. ત્યારબાદ ઇનામ આપવાની શરૂઆત કરવામાં આવી હતી. ઇનામની ગોઠવણ ઉંચા પ્રકારની કરવામાં આવી હતી, એટલે કે વિદ્યાર્થીની જરૂરીયાતને અનુસરીને કટાસણા, ચરવળા, ઓરણી, પૂજાના લુગડાં, સાપડા,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચોપડીઓ, નાની ટ્રંકો, પાકીટો અને જરમનના રકેબી, વાટકી, ધૂપધાણા વિગેરે આપવા માટે તૈયાર રાખેલાં હતાં. ઇનામ સંબંધી તમામ ખર્ચ **શેઠ મોતી-લાલ સુળજી રાંધનપુરનિવાસી** જેઓ હાલ વ્યાપારાર્થે મુંબઈમાં રહે છે તેમણે આપ્યો હતો. ઇનામ પ્રમુખસાહેબને હાથે વહેંચાયા બાદ પ્રમુખ વિગે-રેનો આભાર માની ઘણા આનંદ સાથે મેળાવડો બરખાસ્ત થયો હતો. મેળાવ-ડાની અંદર બેન્ડ તથા પ્રભાવના વિગેરેની પણ ગોઠવણ રાખી હતી. આ સ-ભાના પ્રમુખ **મી. પોપટલાલ સવચંદ** અને સેક્રેટરી **મી. ધારશીભાઇ વીર-ચંદ** વિગેરે અત્યંત ઉત્સાહી અને શાસનોન્નતિના રાગી છે. ધોલેરા સ્થળ ખુણામાં પડી જવાથી તેમને જોઇતા અનુમોદનનો અભાવ છે, નહીં તો તેઓ બહુ સારી સ્થિતિમાં આવે તેવા ઉમંગી છે. પરમાત્મા તેમની શુભેચ્છા પૂર્ણ કરો. તથાસ્તુ.

# वाळाकुंची.

શ્રી અરિહંત પરમાત્માની પ્રતિમાની પૂજા કરવાના પ્રારંભમાં જળવડે પખાળ કરવામાં આવે છે. અને તે વખતે આગલા દિવસનું ચડેલું કેસર કે જે બીજે દિવસ વાસી કેસર કહેવાય છે તે કોઇ જગ્યાએ ભરાઇ ન રહે તેને માટે જળ સાથે વાળાકુંચીનો યથેચ્છ ઉપયોગ કરવામાં આવે છે. આ વાળાકુંચીઓ સુગંધી વાળાની બને છે, જો કે હાલ તો તેમાં ભાગ્યેજ સુગંધી આવતી જણાય છે. આ વાળાકુંચીનો સ્પર્શ કેવો કર્કશ હોય છે તેનો અનુભવ એક વખત પોતાના શરીરનો અમુક ભાગ તેનાવડે સાફ કરાવવાથી જ થઇ શકે તેમ છે.

વળી પખાળ કરવા માટે રાખેલ પગારદાર પૂજારીઓ અથવા ગોઠીઓ તેનો ઉપયોગ એટલો બધો છુટથી કરે છે કે તે વખત સોની લોકો દાગીના સાફ કરે છે તેનું સ્મરણ થઇ આવે છે. જો કે સોની લોકોની દાગીના સાફ કરવાની વાળાકુંચીઓ તો કોમળ હોય છે, તેનો સ્પર્શ આવો કર્કશ હોતો નથી.

હવે વાળાકુંચીનો ઉપયોગ કરવાની જરૂર કેટલે અંશે છે તે વિચારીએ. પ્રભુની પ્રતિમા ઉપર પ્રથમ જળ પ્રક્ષેપ કરી આગલા દિવસનું કેશર પલાળી એક નિર્મળ અને સુકોમળ વસ્ત્રના પોતાંવડે તમામ કેસરને દૂર કરવું. પછી જોવું કે એવો કોઈ ભાગ છે કે જ્યાંથી વાળાકુંચી શિવાય કેસર નીકળી શકે તેમ નથી? આમ જણાય તો પછી તેજ ભાગ ઉપર માત્ર વાળાકુંચીનો નરમ હાથે ઉપયોગ કરવો કે જેથી કેસર નીકળી જાય. તે છતાં કદી કોઈ ભાગમાં કેસરનો અંશ ચોંટી રહ્યો—આપણી દૃષ્ટિએ ન પડવાથી રહી ગયો તો તેમાં મોટી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આશાતના જેવું શું છે? તે કાંઇ અપવિત્ર કે કોહે તેવો પદાર્થ નથી, વળી આરસ સાથે એક રૂપ થઇ જાય તેવો પણ પદાર્થ નથી તેથી તે સ્વતઃ તે દિવસે કે બીજે દિવસે નીકળી જશે પરંતુ તેટલા અલ્પ અંશની ખાતર આખા શરીર ઉપર વાળાકુંચી ફેરવવી અને તે પણ એવી રીતે ફેરવવી કે સુકોમળ શરીર ઉપર ફેરવાય તો તેના ઉઝરડા થાય. આ બહુજ અવિવેકવાળું કાર્ય છે, આશાતના યુક્ત છે અને પરમાત્માની ભક્તિમાં હાનિ કરનારૂં છે.

આવી વાળાકુંચીનો યથેચ્છ અવિવેકવડે ઉપયોગ કરવાથી બીજી પણ હાની બહુ થાય છે. પ્રતિમાનું દળ ઘસાતું જાય છે, આકૃતિ બદલાતી જાય છે, પ્રતિમાની નીચે લખેલા લેખ કે જે આપણા જીવતા પુરાવા છે તેનો પણ નાશ થતો જાય છે. પ્રભુના શરીર પર કેટલો ઘસારો લાગ્યો તેની ખબર પડી શકતી નથી પરંતુ લેખ તરફ દૃષ્ટિ કરતાં અનુમાન થઇ શકે છે કે તેનો ભાગ જેટલો ઘસાયો તેટલું શરીર પણ ઘસાયું જ હોવું જોઇએ. જેને આવા લેખની ખરી કિંમત સમજાયેલી છે તેને આવા અવિવેકથી બહુ લાગી આવે છે. તેવા ગૃહસ્થના ખાસ અનુભવવાળા કથનથી અને અમને જાતે પણ વાળાકુંચી કરતી વખતનો દેખાવ અવિવેકવાળો જણાવાથી આ લેખ લખવો પડ્યો છે. આશા છે કે આ બાબત દરેક જિનમંદિરના વ્યવસ્થાપકો લક્ષ આપશે અને વાળાકુંચીથી થતી આશાતના દૂર કરશે. બનતા સુધી વસ્ત્રના પોતાંથી જ ચલાવી લેશે અને ક્વચિત્ જરૂર પડે તોજ વાળાકુંચીથી વાપરવાનું સમજાવશે.

છેવટે એક સૂચના એ પણ કરવામાં આવે છે કે સેંકડો વર્ષ થયા આપણી વાળાકુંચીઓ જેવી ને તેવી રહી છે તેને માટે વિચાર કરી કોઈ સુકોમળ પદાર્થ કે જે વાપરવામાં અડચણ ન હોય તેની વાળાકુંચીઓ બનાવવાનું ધ્યાનમાં રાખવું કે જેથી આવી લક્ષ બહાર જતી અને ભક્તિના પેટામાં થતી આશાતના અટકી શકે.

# सिद्धाचळ उपर मूळनायकजीनी पूजा.

શ્રી સિદ્ધાચળ સર્વ તીર્થોમાં ઉત્કૃષ્ટ તીર્થ છે. તેની યાત્રાને માટે હાલમાં રેલવેની પૂરેપૂરી સગવડતા થયેલી હોવાથી મોટી સંખ્યામાં યાત્રાળુઓ આવે છે. તેમાં પણ કાર્તકી અને ચૈત્રી પૂર્ણિમા જેવી પર્વણી ઉપર તો ઘણું માણસ દેશ પરદેશથી આવે છે. તે સર્વ યાત્રાનો લાભ લેવાની સાથે મૂળનાયકજી શ્રી આદીશ્વર ભગવાનની ( દાદાની ) પૂજા કરવાનો લાભ અવશ્ય લેવાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇચ્છા ધરાવે છે. તેમાં પણ હાલમાં સ્ત્રીવર્ગની અંદર પૂજા કરવાની અભિલાષા દિનપરદિન વૃદ્ધિ પામતી જાય છે. આ હકીકત એક રીતે ખુશી થવા જેવી છે પરંતુ પૂજા કરવામાં વિવેક કેમ જાળવવો જોઇએ તે વાત બહોળે ભાગે તદ્દન ભૂલી જવામાં આવે છે, સ્ત્રીવર્ગને પોતાની ફરજ અને પોતાનો આચાર અન્ય તરફથી સમજાવવામાં પણ આવતો નથી એ ખેદકારક હકીકત છે. પરમાત્માની પૂજા આત્માને પરમ હિતકારક છે. એ નિઃશંસય વાત છે, તેમાં પણ તીર્થાધિપતિની પૂજા વિશેષ લાભદાયક છે. પરંતુ તે પૂજા પૂજારૂપ થવી જોઇએ–આશાતના રૂપ થવી ન જોઇએ. તેની અંદર વિવેક જાળવવો જોઇએ, આચાર પળાવો જોઈએ અને અન્ય સુજ્ઞજનોની દૃષ્ટિમાં તે ક્રિયા અનુમોદન યોગ્ય લાગવી જોઇએ તોજ તે પૂજા પૂર્ણ ફળદાયક થઇ શકે. સ્ત્રીનો આચાર શું ? તેનું શીળ શું ? તેની મર્યાદા શી ? આ વાત સ્ત્રી વર્ગે અવશ્ય સમજવી જોઇએ. પુરૂષો જ્યારે પૂજા કરવાથી થતો લાભ મેળવવામાં હર્ષઘેલા બની જાય અને માણસોની ભચડાભચડીમાં પ્રવેશ કરે ત્યારે શું સ્ત્રી જાતિ પણ તેમાં પ્રવેશ કરે ? આ વાત શક્ય છે ? યોગ્ય છે ? મર્યાદાવાળી છે ? શીળગુણને સાચવનારી છે ? કેવી છે ? તેનો વિચાર કરવાની અત્યંત અગત્ય છે. સ્ત્રી જાતિએ પોતાના શરીરની મર્યાદા જાળવવા માટે એવી પુરૂષોની ગીરદીમાં પ્રવેશ કરવો તે કોઈપણ પ્રકારે હિતકારક નથી, યોગ્ય નથી, સ્વપરને ઘાતકારક છે. જો કે જૈનધર્મના પ્રભાવે અને પરમાત્માની શીતળ છાયાને લઇને કોઇપણ પૂજકના હૃદયમાં મલીન ભાવ દૃષ્ટિએ પડતો નથી પરંતુ એ વખતનો દેખાવ કોઇ તટસ્થ જોનારના હૃદયને બહુજ ખેદ ઉપજાવનારો લાગે છે, તેમજ અન્ય ધર્મીના હૃદયમાં જૈનોની એવી પ્રવૃત્તિ જૈનધર્મ પ્રત્યે માન ઓછું કરનારી થઇ પડે છે. તેથી જો મૂળનાયકજી મહારાજની પૂજા ભક્તિ કરવીજ હોય તો ઘણા મોડા વખત સુધી રોકાવું અને કાર્યકર્તાઓએ સ્ત્રીવર્ગ માટે ચોક્કસ એક કલાક જેટલો ટાઈમ ખાસ કાઢી આપવો કે જેથી આવો કઢંગો હાસ્યાસ્પદ દેખાવ જોવાનો વખત આવે નહિ અને તે કલાકની અંદર એક પણ પુરૂષ પૂજા કરવા માટે ગર્ભગૃહની અંદર દાખલ થઈ શકે નહીં. જે સ્ત્રીઓને પહેલાં પૂજા કરીને ઉતરવું હોય તેને માટે ખાસ નવા આદીશ્વરજી કે જે મૂળનાયકજીની પ્રતિકૃતિજ છે તે મંદિર નીમી રાખવું કે તેની અંદર સ્ત્રીવર્ગ શિવાય પુરૂષવર્ગ પૂજા માટે દાખલજ ન થાય. આવી યોગ્ય ગોઠવણ જ્યાં સુધી કાર્ય વ્યવસ્થા કરવાની સત્તા ધરાવનારાઓ હિંમત કરીને કરશે નહીં ત્યાં સુધી સ્ત્રીજાતિની મર્યાદા બીલકુલ જળવાવાની નથી અને તેમની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂજા પૂજારૂપ થવાની નથી. આ બાબત અમે શેઠ આણંદજી કલ્યાણજીના પ્રતિનિધિ સાહેબોનું ખાસ ધ્યાન ખેંચીએ છીએ.

હવે પુરૂષો જે પૂજા કરવા માટે મૂળનાયકજીના ગર્ભગૃહમાં ધસારો કરે છે તેને માટે વિચાર કરીએ. બંધુઓ! જિનમંદિરમાં કેવો વિવેક જાળવવો જોઇએ? તેને માટે આપે કોઇ વાર વિચાર કર્યો છે? કર્યો હોય તો એમાં વિવેક જળવાય છે? ન જળવાતો હોય તો કોની સમક્ષ જળવાતો નથી તેનો વિચાર કર્યો છે? પૂજા કરવી એ ચોકસ મનમાં રાખો પણ વિવેક જાળવો, ધીરજ રાખો, તમારી ઉતાવળને ને વિવેકને બને તેવું લાગતું નથી. ધીરજ ન રહે તો બીજે દિવસ મૂળનાયકજીની પૂજા કરો; પણ વિવેક જાળવીને–આશાતના વર્જીને પૂજા કરો.

આ સંબંધમાં પણ કાર્યકર્ત્તાઓએ કાંઇક દૃઢ વ્યવસ્થા કરવાની અને તેને અમલમાં મુકવાની જરૂર છે. દરેક યાત્રાળુઓને મૂળનાયકજીની પૂજા કરવાની અભિલાષાજ હોય તો આંગીના દર્શન કરાવવાની ને કરવાની અભિલાષા ઘટાડો, પ્રક્ષાલન વહેલું થાય તેમ કરો. અને પૂજા કરવા માટે અમુક સંખ્યા દાખલ થાય, તે પૂજા કરીને નીકળે પછી બીજા તેટલા દાખલ થાય તેમ કરો. એને માટે બે સીપાઇ સાથે જમાદારને ઉભા રાખો. અમુક દિવસોએ તો મુનીમ સુધાંને હાજરી આપવાનો હુકમ કરો. પરંતુ આમાં વિવેક જળવાય, આશાતના ન થાય, બીજાઓ અપભ્રાજના ન કરે, દેખાવ વિલક્ષણ ન થાય એમ કરો. ભાવવાળાના ભાવ પૂરા થાય તેમ કરો પણ તેની આગ્રહજને ઉત્તેજન ન મળે તેમ કરો. આ બાબત જો કોઇ પણ જૈનબંધુઓ ઠરાવ તોડવા ઇચ્છે તો તેને સમજાવો. ઠરાવ કર્યા અગાઉ અમુક અમુક શહેરના સંઘને જાહેર કરો પરંતુ સ્ત્રીવર્ગ ને પુરૂષવર્ગ બંનેને માટે મર્યાદા જળવાય ને ભક્તિ થાય તેમ કરો. આશા છે કે આ બાબત આગેવાનો અવશ્ય ધ્યાન આપશે.

---


## છપાઇને બહાર પડેલ છે.

## प्रमेयरत्नकोष.

શ્રી ચંદ્રપ્રભસૂરિનો રચેલો આ નાનો પણ ઘણો ઉપયોગી ન્યાયનો ગ્રંથ છે. ભાવનગર નિવાસી શ્રાવક ઝવેરભાઇ ભાઇચંદની આર્થિક સહાયથી અમારી તરફથી છપાવીને બહાર પાડવામાં આવ્યો છે. ન્યાયના અભ્યાસી મુનિ મહારાજાને તેમજ પુસ્તક ભંડારો ખાતે ભેટ આપવાનો છે. બુકના આકારે છપાવી બંધાવેલ છે. અન્ય ગૃહસ્થ માટે કીંમત માત્ર ચાર આના રાખેલ છે. પોસ્ટેજ એક આનો લાગે છે. મંગાવવાના ઇચ્છકે પત્ર લખી મંગાવી લેવો.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ભાઈ લલુભાઇ મોતીચંદનું ખેદકારક મૃત્યુ.

આ એક એવા ઉપયોગી સભાસદની ખામી આવી પડી છે કે જે પૂરાવી મુશ્કેલ છે. ભાઈશ્રી લલુભાઈ માત્ર ૩૨ વર્ષની લઘુ વયમાં અને ત્રણ માસની ટુંક માંદગીમાં ગયા કાર્તિક વદિ ૧૦ મે દેહ તજી ગયા છે. ચાર વર્ષ અગાઉ એલ. એલ. બી. ની પરીક્ષામાં પાસ થયા બાદ અત્રેના રાજ્યની નોકરીમાં તરતમાંજ દાખલ થયા હતા. છેવટના બે વર્ષમાં ન્યાયાધીશ તરીકેની નોકરીક રીને પોતાના ઉપરી અધિકારીને ઘણો સંતોષ આપ્યો હતો. એમનો એકાએક અભાવ થવાથી તેમના પિતા, પિતામહ વિગેરે કુટુંબીઓને, બાળવિધવાને તેમજ લઘુ વયના એક પુત્ર ને એક પુત્રીને અસહ્ય દુઃખી સ્થિતિ પ્રાપ્ત થઇ છે પરંતુ ભાવી પ્રબળ છે. તેની પાસે મનુષ્ય નિરૂપાય છે. ઐાષધ ઉપચાર અનેક પ્રકારના અહીં કર્યા બાદ મુંબઈ જઇને આપરેશન કરાવ્યા છતાં વ્યાધિ નિર્મૂળ થયો નહીં અને દેહાંત થવામાં પરિણામ આવ્યું. અમે તેમના પિતાશ્રી માસ્તર મોતીચંદ ઝવેરચંદ વિગેરેને આ લેખથી દિલસો આપવા સાથે ભાઈ લલુભાઇના આત્માને શાંતિ ઇચ્છીએ છીએ.

છપાઇને બહાર પડેલ છે.

## કર્મગ્રંથ ટીકા વિભાગ ૨ જો.

( પાંચમો છઠ્ઠો કર્મગ્રંથ ટીકાસાથે ને સંસ્કૃત ચાર કર્મગ્રંથ મૂળ. )

આ બીજો વિભાગ પણ શેઠ રતનજી વીરજી અને જીવણભાઇ જેચંદની આર્થિક સહાયથીજ બહાર પાડવામાં આવ્યો છે. અત્યંત ઉપયોગી છે. સંસ્કૃતના અભ્યાસી સાધુ સાધ્વીઓને તેમજ પુસ્તક ભંડાર ખાતે ભેટ આપવાનો છે. અન્ય ઇચ્છક માટે કિંમત માત્ર રૂ. ૨) જ રાખી છે પોસ્ટેજ ચાર આના લાગે છે. ભેટ મંગાવવાના ઇચ્છક મુનિરાજ વિગેરેએ અમારી ઉપર અથવા શેઠ રતનજી વીરજી ઉપર લખવું.

## ખાસ સૂચના.

શ્રીયશોવિજય ઉપાધ્યાય કૃત દ્વાત્રિંશત્ દ્વાત્રિંશિકા સટીક અને યોગબિંદુ સટીક અમારી તરફથીજ છપાવીને બહાર પાડવામાં આવેલ છે. તે બંને પુસ્તકો છપાવવામાં આર્થિક સહાય શ્રાવિકા બાઈ દેવલીબાઇની હતી. તેની નકલો અમારી પાસે હતી તે લગભગ થઇ રહેવા આવી છે તેથી ભેટ તરીકે મંગાવનારે **શ્રી** મુંબઈ, માંડવી બંદર, ભાત બજાર, શેઠ જેઠાભાઇ વર્ધમાનના માળામાં ત્રીજે દાદરે. એ પ્રમાણે ઠેકાણું કરીને તેમના ઉપરજ પત્ર લખવો.

For Private And Personal Use Only